



Prem Prakashan
Sense and Sensible

આણંદ, નડીયાદ, ખેડા જિલ્લાની ચારેકોરથી

# દિવ્ય સમાચાર






વર્ષ : 12 અંક : 200 મેનેજિંગ તંત્રી : દશરથ ડી. પ્રજાપતિ, એસ.એ.શેખ શુક્રવાર 26.09.2025 RNI No.GUJGUJ/2013/53958 તંત્રી : જયદીપ રાવલ પાનાં : 8 કિંમત : 2 Rs.


# ભારતે ઈતિહાસ રચ્યો : પ્રથમવાર ટ્રેનમાંથી મિસાઇલનું સફળ પરીક્ષણ કર્યું




નવી દિલ્હી, તા.૨૫

ભારતે ઐતિહાસિક સફળતા હાસિલ કરી છે. ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ ઓર્ગેનાઇઝેશન (DRDO) એ ઈન્ટરમીડિએટ રેન્જની અગ્નિ-પ્રાઇમ મિસાઈલનું સફળ પરીક્ષણ કરી લીધું છે. ખાસ વાત છે કે આ મિસાઈલને ટ્રેનથી લોન્ચ કરવામાં આવી છે. અગ્નિ-પ્રાઇમ રેલ આધારિત મોબાઈલ લોન્ચરથી છોડવામાં આવી છે. રક્ષામંત્રી રાજનાથ સિંહએ સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા આ જાણકારી આપી છે. રક્ષામંત્રી રાજનાથ સિંહએ ગુરૂવારે એક્સ પોર્ટ દ્વારા અગ્નિ પ્રાઇમ



મિસાઈલની જાણકારી આપી. તેમણે એક્સ પર એક પોસ્ટમાં લખ્યું, ભારતે રેલ આધારિત મોબાઈલ લોન્ચર સિસ્ટમથી મધ્યમ અંતરની અગ્નિ પ્રાઈમ મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું છે. આ આગામી પેઢીની મિસાઇલ લગભગ ૨૦૦૦ કિલોમીટર સુધીના અંતર પર માર કરવામાં સક્ષમ છે અને તેમાં ઘણી વિશેષતાઓ સામેલ છે. પ્રથમવાર આ પ્રકારનું પરીક્ષમ વિશેષ રૂપથી તૈયાર કરવામાં આવેલ રેલ આધારિત મોબાઈલ લોન્ચરથી કરવામાં આવ્યું છે. રક્ષામંત્રીએ DRDO ને સફળ પરીક્ષણ માટે શુભેચ્છા આપી. તેમણે X-પોસ્ટ દ્વારા કહ્યું, "અગ્નિ-પ્રાઈમ મિસાઈલના સફળ પરીક્ષણ બદલ DRDO, સ્ટ્રેટેજિક ફોર્સિસ કમાન્ડ (SFC) અને સશસ્ત્ર દળોને હાર્દિક અભિનંદન. આ સફળ પરીક્ષણે ભારતને રેલ સિસ્ટમથી મિસાઈલ લોન્ચ કરવાની ક્ષમતા ધરાવતા દેશોના પસંદગીના જૂથમાં સ્થાન આપ્યું છે." આ ૨૦૦૦ કિલોમીટરની રેન્જ સુધી પ્રહાર કરવામાં સક્ષમ છે. સૌથી મોટી વાત છે કે તેમાં રેલ નેટવર્કની સાથે ચાલવાની ક્ષમતા છે. તેને દેશની કોઈપણ સરહદ પર ખૂબ ઓછા સમયમાં સરળતાથી પહોંચાડી શકાય છે. તે રડારથી બચવામાં પણ ઘણી હદ સુધી સક્ષમ છે. આ મિસાઇલ ઘણી વિશિષ્ટ સુવિધાઓથી લેસ છે. તેની નેવિગેશન સિસ્ટમ સારી છે, જેનાથી દુશ્મનોના કેમ્પ પર સટીક નિશાન લગાવી શકાય છે.

**આ મિસાઇલનું નામ અગ્નિ પ્રાઇમ છે, જે ૨૦૦૦ કિલોમીટરની રેન્જમાં માર કરી શકે છે**

# હિન્દુસ્તાન એરોનોટિક્સને ૯૭ તેજસ ફાઇટર જેટનો ઓર્ડર મળ્યો:કેન્દ્ર સરકારે ૬૨,૦૦૦ કરોડના કરાર પર હસ્તાક્ષર કર્યા

નવી દિલ્હી, તા.૨૫

સંરક્ષણ મંત્રાલયે હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ(HAL)ને ભારતીય વાયુસેના માટે ૯૭ લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ (LCA) માર્ક 1A (તેજસ) ફાઈટર જેટ ખરીદવાની મંજૂરી આપી છે. કેન્દ્ર સરકારે હિન્દુસ્તાન એરોનોટિક્સ સાથે ૬૨,૩૭૦ કરોડ રૂપિયામાં આ ડીલ કરી છે, જેમાં ટેક્સનો સમાવેશ થયો નથી.

અહેવાલો અનુસાર, ૯૭ તેજસ ફાઈટર જેટમાં ૬૮ સિંગલ-સીટર ફાઈટર જેટ અને ૨૯ ડબલ-સીટર ટ્રેનર ફાઈટર જેટનો સમાવેશ થાય છે. તેજસ માર્ક 1Aની



ડિલિવરી વર્ષ ૨૦૨૭-૨૮માં શરુ થશે અને છ વર્ષમાં પૂર્ણ થશે. તેમાં ૬૪ ટકાથી વધુ સ્વદેશી ઉપકરણો હશે, જે આત્મનિર્ભર ભારત પહેલને પ્રોત્સાહન આપવા તરફ એક મુખ્ય પગલું છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેબિનેટ કમિટી ઓન સિક્યોરિટી (CCS) દ્વારા મોટી ખરીદીને મંજૂરી આપ્યાના લગભગ એક મહિના પછી આ કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડને સંરક્ષણ મંત્રાલય તરફથી તેજસ ફાઈટર જેટ માટે બીજો ઓર્ડર મળ્યો છે. ફેબ્રુઆરી ૨૦૨૧માં કેન્દ્ર સરકારે HAL સાથે ૮૩ માર્ક 1A જેટ માટે ઓર્ડર આપ્યો હતો. આ ડીલ ૪૬,૮૯૮ કરોડ રૂપિયાની હતી, જેની ડિલિવરી ૨૦૨૮માં નક્કી થઈ છે.

સિંગલ-એન્જિન માર્ક 1A, ભારતીય વાયુસેનાના મિગ-૨૧ ફાઈટર જેટનું સ્થાન લેશે. ભારતીય વાયુસેના આ ફાઈટર જેટને સામેલ કરવા માંગે છે કારણ કે તેની ફાઈટર સ્ક્વોડ્રન સંખ્યા સત્તાવાર રીતે મંજૂર કરાયેલી ૪૨થી ઘટીને ૩૧ થઈ ગઈ છે. મિગ-૨૧ વિમાન ૨૬મી સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ રિટાયર થશે. તેની ૬૨ વર્ષની સેવા દરમિયાન તેણે ૧૯૭૧ના યુદ્ધ, કારગિલ અને અન્ય ઘણાં મોટા મિશનમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.

હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડને તાજેતરમાં લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ માર્ક 1A માટે ત્રીજું JE-404 એન્જિન પણ મળ્યું છે અને ટૂંક સમયમાં બીજું એન્જિન મળવાની અપેક્ષા રાખે છે. આ ફાઈટર જેટમાં વધુ અદ્યતન કોમ્બેટ એવિઓનિક્સ અને હવા-થી-હવા રિફ્યુઅલિંગ ક્ષમતા હશે.

**નિવૃત્ત થનારા MiG-21 વિમાનોનું સ્થાન લેશે**




# સોનમ વાંગચુક પર કેન્દ્ર સરકારની કાર્યવાહી, લેહ હિંસા બાદ રદ કરાયું NGOનું FCRA લાઈસન્સ



નવી દિલ્હી,તા.૨૫

કેન્દ્ર સરકારે લદાખના જળવાયુ કાર્યકર્તા સોનમ વાંગચુકની બિન-લાભકારી સંસ્થાનું FCRA રજિસ્ટ્રેશન રદ કરી દીધું છે. આરોપ છે કે દ્ધએ વિદેશી ફંડિંગથી જોડાયેલા કાયદાનું વારંવાર ઉલ્લંઘન કર્યું. આ પગલું વાંગચુકના નેતૃત્વમાં કેન્દ્ર શાસિત પ્રદેશ લદાખને રાજ્યનો દરજ્જો આપવાની માગને લઈને થયેલા હિંસક વિરોધ પ્રદર્શનના ૨૪ કલાક બાદ લેવાયો છે.

ગૃહ મંત્રાલયે સ્ટુડન્ટ્સ એજ્યુકેશનલ એન્ડ કલ્ચરલ મૂવમેન્ટ ઓફ લદાખ (SECMOL)નું FCRA લાઈસન્સ રદ કરી દેવાયું, જે સોનમ વાંગચુકથી જોડાયેલ છે.

આ અગાઉ કેન્દ્રીય તપાસ એજન્સીએ વાંગચુકથી જોડાયેલા સંસ્થાનોમાં FCRA કાયદાના કથિત ઉલ્લંઘનની તપાસ શરૂ કરાઈ હતી. એક અધિકારીએ જણાવ્યું કે, શરૂઆતી તપાસ થોડા સમયથી ચાલી રહી હતી, પરંતુ આ મામલે હજુ સુધી કોઈ ફરિયાદ દાખલ નથી કરાઈ.

**લદાખ હિંસા મામલે કેન્દ્રએ કહ્યું- વાંગચુકે લોકોને ઉશ્કેર્યા**

લદાખમાં થયેલી હિંસા માટે કેન્દ્ર સરકારે સોશ્યલ એક્ટિવિસ્ટ સોનમ વાંગચુકને જવાબદાર ઠેરવ્યા હતા. ગૃહ મંત્રાલયે મોડી રાત્રે એક નિવેદનમાં કહ્યું હતું કે, "વાંગચુકે ભડકાઉ નિવેદનો આપીને લોકોને ઉશ્કેર્યા, હિંસા વચ્ચે પોતાનો ઉપવાસ સમેટ્યા, પરંતુ પરિસ્થિતિને કાબૂમાં લેવાનો પ્રયાસ કરવાને બદલે, એમ્બ્યુલન્સમાં પોતાના ગામ જવા રવાના થઈ ગયા હતા."






# GST સુધારાઓ ભારતની વિકાસ ગાથાને નવી ગતિ આપશે : મોદી

નવી દિલ્હી, તા.૨૫

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુરુવારે GST દર ઘટાડાના મુદ્દા પર જનતાને ગેરમાર્ગે દોરવા બદલ કૉંગ્રેસ અને અન્ય વિપક્ષી પક્ષો પર નિશાન સાધ્યું હતું. પ્રધાનમંત્રીએ કહ્યું કે ટૂથપેસ્ટથી લઈને ટ્રેક્ટર સુધીના ભાવ પર લોકો માટે કરનો બોજ ઘટાડવામાં આવ્યો છે. તેમણે એમ પણ કહ્યું કે કૉંગ્રેસની આગેવાની હેઠળની સરકારો દરમિયાન, "કર લૂંટ" થઈ હતી અને લોકો પર ભારે કરનો બોજ હતો. ઉત્તર પ્રદેશ ઈન્ટરનેશનલ ટ્રેડ શો (UPITS) નું ઉદ્ઘાટન કર્યા પછી પ્રધાનમંત્રીએ કહ્યું કે આગામી પેઢીના ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (GST) સુધારાઓ માત્ર ત્રણ દિવસ પહેલા (૨૨ સપ્ટેમ્બર) લાગુ કરવામાં આવ્યા હતા.



પ્રધાનમંત્રી નરેંદ્ર મોદીએ કહ્યું કે આ એક "માળખાકીય પરિવર્તન" છે. "આ ભારતની વિકાસ ગાથાને નવી ગતિ આપશે," તેમણે કહ્યું આ સુધારાઓ GST નોંધણીને સરળ બનાવશે, કર વિવાદો ઘટાડશે અને MSME માટે રિફંડ ઝડપી બનાવશે, જેનાથી દરેક ક્ષેત્રને ફાયદો થશે.

પ્રધાનમંત્રી મોદીએ વધુમાં કહ્યું કે, "આમ છતાં, કેટલાક રાજકીય પક્ષો દેશના લોકોને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરી રહ્યા છે. કોંગ્રેસ અને તેના સાથી પક્ષો જેઓ ૨૦૧૪ પહેલા સત્તામાં હતા તેઓ તેમની સરકારની નિષ્ફળતાઓ છુપાવવા માટે જનતાને ખોટું બોલી રહ્યા છે." સ્ મોદીએ કહ્યું, "સત્ય એ છે કે કોંગ્રેસ સરકારો દરમિયાન, કર દ્વારા મોટા પાયે લૂંટ કરવામાં આવી હતી અને લૂંટાયેલા પૈસા વધુ લૂંટવામાં આવ્યા હતા. દેશનો સામાન્ય નાગરિક કરના બોજથી પીડાઈ રહ્યો હતો."

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે, તેમની સરકારે કરમાં નોંધપાત્ર ઘટાડો કર્યો છે, ફુગાવાને નિયંત્રિત કર્યો છે અને આવક અને બચત બંનેમાં વધારો કર્યો છે. તેમણે કહ્યું કે રૂપિયા૧૨ લાખ સુધીની આવકને કરમાંથી મુક્તિ આપીને અને નવા GST સુધારાઓ લાગુ કરીને નાગરિકો ફક્ત આ વર્ષે જ રૂ.૨.૫ લાખ કરોડ બચાવશે. પીએમ મોદીએ કહ્યું કે દેશ GST બચત ઉત્સવ ઉજવી રહ્યો છે.

# એચ-૧બી વિઝા પછી લોટરી સિસ્ટમ પણ ખતમ કરવા ટ્રમ્પની કવાયત

વોશિંગ્ટન, તા.૨૫

અમેરિકાના પ્રમુખ ટ્રમ્પે એચ-વનબી વિઝા માટે એક લાખ ડોલરની જંગી ફી લોન્ચ કરીને તેને સાવ મૃતઃ પ્રાય જેવા કરી નાખ્યા પછી હવે લોટરી સિસ્ટમ પર નજર દોડાવી છે. ટ્રમ્પ તંત્ર હવે લોટરી સિસ્ટમથી આપવામાં આવતા વિઝાને પણ ખતમ કરવાની તૈયારી આદરી છે. ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યોરિટી વેઈટેડ સિલેકશન પ્રોસેસને આધાર બનાવવા માંગે છે અને લોટરી સિસ્ટમ રદ કરવા આતુર છે. ડીએચએસ વિભાગનું કહેવું છે કે તેમનું ધ્યેય તે સુનિશ્ચિત કરવાનું છે કે એચ-૧બી વિઝા હાયર સ્કિલ્ડ એલિયન માટે સુનિશ્ચિત કરવામાં આવે. તેની સાથે કંપનીઓને દરેક વેતન સ્તરના એચ-૧બી કામદારો





માટે સલામત કરવાની તક પૂરી પાડવામાં આવે. તેમની દરખાસ્ત મુજબ આ પસંદગી વેતનના સ્તરના આધારે થવી જોઈએ. તેમ ચાર વેતન સ્તરોમાં સૌથી વધુ વેતન ધરાવતા વર્કરને સિલકશન પૂલમાં ચાર એન્ટ્રી મળવી જોઈએ. તેનું વેતન ૧,૬૨,૫૨૮ ડોલર હશે. તેની પસંદગીની સંભાવના વધી જશે. જ્યારે આ વેતન સ્તરમાં સૌથી નીચે આવનારરને એક જ એન્ટ્રી મળશે. આને સરળ શબ્દોમાં સમજવું હોય તો એમ સમજી શકાય કે મેટામાં દોઢ લાખ ડોલરનો પગાર ઓફર થયો હોય તેવા એન્જિનિયરને પાસે મલ્ટીપલ લોટરી ઉપલબ્ધ હશે, તેની સ્ટાર્ટઅપનો જુનિયર ડેવલપર જેનો પગાર ૭૦,૦૦૦ ડોલર હશે તેને સંભવતઃ એક જ લોટરી મળશે. આનો સીધો અર્થ એમ કરી શકાય કે નાણા ચૂકવી શકવા સમર્થ ટોચની કંપનીઓ વધુ કુશળ અને કાબેલ કામદારો મેળવી શકશે. તેની સામે નાની કે સ્ટાર્ટઅપ કંપનીઓ ઓછા કુશળ કામદારો મેળવી શકશે. આના લીધે અમેરિકાના નાના ઉદ્યોગોને અને નાની કંપનીઓને ચોક્કસ મોટો ફટકો પડશે. આ પ્રકારની પ્રણાલિ ફક્ત મોટી કંપનીઓ માટે ફાયદાકારક છે. જ્યારે નાની કંપનીઓએ તો રીતસર કારોબારમાંથી બહાર જ નીકળી જવી પડે તેવી સ્થિતિ આ કાયદો પસાર થવાના કારણે સર્જાઈ શકે છે.

આના લીધે સીનિયર અને હાઈલી પેઈડ કામદારોને વધુ ઊંચુ વેતન તથા નવાને વધુ નીચું વેતન મળશે. બીજા શબ્દોમાં કહીએ તા ટ્રમ્પનું આ પગલું સ્ટાર્ટ અપ ઈકોસિસ્ટમને મોટો ફટકો મારશે.

# સમીર વાનખેડેએ શાહરુખ ખાન વિરુદ્ધ દિલ્હી HCમાં કર્યો માનહાનિનો કેસ

મુંબઈ, તા.૨૫

શાહરુખ ખાનના દીકરા આર્યન ખાન પોતાની નેટફ્લિક સીરિઝ ધ બેડ્સ ઑફ બોલિવૂડને લઈને વિવાદમાં આવી ગયા છે. સમીર વાનખેડેએ સીરિઝમાં પોતાની છબી ખરાબ દર્શાવવાને લઈને શાહરુખ ખાન, ગૌરી ખાન, નેટફ્લિક્સ ઈન્ડિયા અને રેડ ચિલીઝ વિરુદ્ધ માનહાનિનો કેસ નોંધાવ્યો છે. વાનખેડેએ શાહરુખના દીકરા આર્યન ખાનના દિગ્દર્શક હેઠળ બનેલી પહેલી ફિલ્મને ખોટા, દુર્ભાવનાપૂર્ણ અને બદનક્ષીભર્યું ગણાવી હતી. તેમણે દાવો કર્યો હતો કે આ સીરિઝ એન્ટી-ડ્રગ એન્ફોર્સમેન્ટ એજન્સીઓનું ભ્રામક અને નકારાત્મક ચિત્રણ કરે છે, જેના કારણે કાયદા



અમલીકરણ સંસ્થાઓમાં લોકોનો વિશ્વાસ ઓછો થાય છે.

વાનખેડેના વકીલ જતીન પરાશરે કહ્યું કે, સમીરનો આરોપ છે કે, આર્યન ખાનની પોતાની સીરિઝમાં તેના જેવા જ વ્યક્તિને દર્શાવાયા છે. શોમાં તેનું કેરેક્ટર એસેસિનેશન કરાયું. શોને લઈને સમીર વાનખેડે અને તેના પરિવારને અપશબ્દો કહેવા પડી રહ્યા છે. તેમને ભ્રષ્ટ ગણાવાઈ રહ્યા છે. તેવામાં આર્યનના શોના આ ભાગને ડિલીટ કરવામાં આવે.

IRS અધિકારી સમીર વાનખેડેએ દિલ્હી હાઈકોર્ટમાં માનહાનિનો કેસ દાખલ કરાવ્યો છે જેમાં સુપરસ્ટાર શાહરુખ ખાન અને ગૌરી ખાનના પ્રોડક્શન હાઉસ રેડ ચિલીઝ એન્ટરનેઈનમેન્ટ પ્રાઈવેટ લિમિટેડ, ઓટીટી પ્લેટફોર્મ નેટફ્લિક્સ અને અન્ય વિરુદ્ધ કાયમી અને ફરજિયાત મનાઈ હુકમ, ઘોષણા અને નુકસાનીની માગ કરવામાં આવી છે.

# હું રાષ્ટ્રપ્રમુખ પદ છોડવા માટે તૈયાર છું : ઝેલેન્સ્કી

કિવ, તા.૨૫

રશિયા સાથે ચાલી રહેલા યુદ્ધ વચ્ચે યુક્રેનના રાષ્ટ્રપ્રમુખ ઝેલેન્સ્કીએ એક ઐતિહાસિક નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું છે કે રશિયા સાથેનું યુદ્ધ સમાપ્ત થયા પછી તેઓ રાષ્ટ્રપ્રમુખ પદ છોડવા તૈયાર છે. મીડિયા સાથેની વાતચીતમાં ઝેલેન્સ્કીએ સ્પષ્ટ કર્યું કે તેમનો મુખ્ય ઉદ્દેશ્ય રાષ્ટ્રપ્રમુખ પદ પર રહેવાનો નથી, પરંતુ યુદ્ધને સમાપ્ત કરવાનો છે.

મીડિયા સાથેની વાતચીતમાં ઝેલેન્સ્કીએ નિવેદન આપ્યું છે કે, મારું ધ્યાન યુદ્ધને સમાપ્ત કરવા પર છે, પદ પર રહેવા પર નહીં.

યુદ્ધ સમાપ્ત થયા પછી, હું પદ છોડવા માટે તૈયાર છું. આ નિવેદન ત્રણ વર્ષથી વધુ સમયથી ચાલી રહેલા રશિયા-યુક્રેન યુદ્ધ વચ્ચે આવ્યું છે, જે વિશ્વભરમાં સુરક્ષા અને રાજકીય દૃષ્ટિકોણથી ચર્ચાનો વિષય બન્યું છે.

રશિયા અને યુક્રેન વચ્ચેના સંઘર્ષે બંને દેશોની રાજનીતિને તો અસર કરી જ છે, પરંતુ તેની ગંભીર અસરો વૈશ્વિક સ્તરે પણ જોવા મળી છે. આ મુશ્કેલ સમયમાં ઝેલેન્સ્કીએ ભારપૂર્વક જણાવ્યું કે તેમનો મુખ્ય ઉદ્દેશ્ય દેશને સ્થિર અને સુરક્ષિત બનાવવાનો છે. તેમણે સ્પષ્ટ કર્યું કે તેઓ કોઈ વ્યક્તિગત સત્તા કે પદની લાલસાથી લડી રહ્યા નથી, પરંતુ દેશ અને તેના લોકોની ભલાઈ માટે કામ કરી રહ્યા છે. વાતચીત દરમિયાન યુક્રેનના રાષ્ટ્રપ્રમુખએ એમ પણ કહ્યું કે, યુદ્ધ સમાપ્ત થયા પછી સત્તાનું હસ્તાંતરણ કરવાનો નિર્ણય સંપૂર્ણપણે પરિસ્થિતિ પર આધાર રાખશે.

# પોસ્ટલ બેલેટની ગણતરી બાદ જ EVMના વોટની ગણતરી, ચૂંટણી પંચે કર્યો મોટો ફેરફાર

નવી દિલ્હી, તા.૨૫

પોસ્ટલ બેલેટની ગણતરીને લઈને ચૂંટણી પંચે મોટો નિર્ણય કર્યો છે. બિહાર વિધાનસભા ચૂંટણી પહેલા ચૂંટણી પંચે મોટો ફેરફાર કર્યો છે. નવા ફેરફાર હેઠળ હવે પોસ્ટલ બેલેટની ગણતરી થયા પછી જ EVM મતોની ગણતરી કરવામાં આવશે. ચૂંટણી પંચે જણાવ્યું હતું કે, EVM/VVPAT ગણતરીનો સેકન્ડ અને લાસ્ટ રાઉન્ડ પોસ્ટલ બેલેટ પૂર્ણ થયા પછી જ શરુ કરવામાં આવશે. અત્યાર સુધી પોસ્ટલ બેલેટ પહેલાં ઈફસ્ની ગણતરી થઈ શકતી હતી, પરંતુ હવે VVPAT ગણતરી પૂરી થયા પછી જ પોસ્ટલ બેલેટની ગણતરી પૂર્ણ થશે. ચાલો ચૂંટણી પંચના નિર્ણય અને પોસ્ટલ બેલેટ ગણતરી પ્રક્રિયાને કેવી રીતે વધુ સુવ્યવસ્થિત કરવામાં આવી છે તે જાણીએ. ૧. ચૂંટણી પંચે છેલ્લા છ મહિનામાં ચૂંટણી પ્રક્રિયાને સુવ્યવસ્થિત કરવા અને પારદર્શિતા



વધારવાના હેતુથી ૨૯ મહત્ત્વપૂર્ણ પહેલ કરી છે. પંચની ૩૦મી પહેલ તરીકે પોસ્ટલ બેલેટ ગણતરી પ્રક્રિયાને વધુ સરળ બનાવવાનો નિર્ણય કર્યો છે.

૨. મત ગણતરીના બે મુખ્ય તબક્કા છેઃ

- પોસ્ટલ બેલેટ/ઈલેક્ટ્રોનિકલી ટ્રાન્સમિટેડ પોસ્ટલ બેલેટ(ETPB)ની ગણતરી
- EVM દ્વારા ગણતરી

૩. ગણતરીના દિવસેઃ

- સવારે ૮:૦૦ વાગ્યે પોસ્ટલ બેલેટની ગણતરી શરુ થશે.
- EVMની ગણતરી સવારે ૮:૩૦ વાગ્યે શરુ થશે.
- પહેલાં આવુ શક્ય હતું કે, EVMની ગણતરી પોસ્ટલ બેલેટની ગણતરી પહેલા પૂરી થઈ જાય.

૪. દિવ્યાંગ અને વરિષ્ઠ નાગરિકો (૮૫ વર્ષથી વધુ વયના) માટે તાજેતરના પગલાંથી પોસ્ટલ બેલેટની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે.

# લદાખ હિંસામાં ૫૦ લોકોની અટકાયત કરવામાં આવી, આરોપી કૉંગ્રેસ કાઉન્સિલર વિરુદ્ધ કેસ

લદ્દાખ, તા.૨૫

લદાખમાં પૂર્ણ રાજ્ય અને છઠ્ઠા અનુસુચીના વિસ્તારની માગ કરતાં થયેલા હિંસક આંદોલનમાં પોલીસે ૫૦ આંદોલનકારીની અટકાયત કરી છે. આંદોલનકારીઓને ઉશ્કેરવાના આરોપસર કોંગ્રેસ કાઉન્સિલર વિરૂદ્ધ ફરિયાદ પણ નોંધી છે. આ હિંસક આંદોલનમાં ચાર લોકોના મોત અને ૫૦ ઘાયલ થયા હતાં.

લેહમાં આંદોલન કરી રહેલાં આંદોલનકારીઓ ઉગ્ર બનતાં પોલીસ ફાયરિંગ કરવા મજબૂર બની હતી. આ ફાયરિંગમાં થયેલા મોત માટે પોલીસે આંદોલનકારીઓને જવાબદાર ઠેરવ્યા છે. પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, બુધવારની સાંજે લદાખના લેફ્ટનન્ટ ગવર્નર કવિન્દર ગુપ્તાએ જણાવ્યું હતું કે, ચાર લોકોના મોત માટે આંદોલનકારીઓ જવાબદાર છે.



આ હિંસામાં સંડોવાયેલા વ્યક્તિએ પરિણામ ભોગવવુ પડશે. અમે ઉગ્રવાદીઓ અને તેમને ઉશ્કેરનારાઓની ઓળખ કરવાનું શરૂ કર્યું છે. અત્યારસુધીમાં અમે ૫૦થી વધુ લોકોની અટકાયત કરી છે.

બુધવારે સાંજે લદાખના લેફ્ટનન્ટ ગવર્નર કવિન્દર ગુપ્તાએ જણાવ્યું હતું કે, આંદોલનકારીઓ ચાર લોકોના મોત માટે જવાબદાર હતા. અમને આશા છે કે, આ હિંસક આંદોલન પાછળ સંડોવાયેલા લોકો વિરૂદ્ધ ઝડપથી તપાસ હાથ ધરાશે. અમે વિસ્તારમાં કર્ફ્યુ લાદ્યો છે. શાંત માહોલમાં કાંકરીચાળો કરનારાઓને છોડવામાં આવશે નહીં.

પોલીસે જણાવ્યા પ્રમાણે, આ હિંસક આંદોલન માટે Gen Z ને ઉશ્કેરવા પાછળ કોંગ્રેસ કાઉન્સિલર સ્ટેઝિન ત્સેપેગનો હાથ હતો. સોશિયલ મીડિયામાં વાઈરલ થયેલા વીડિયોમાં મોઢે માસ્ક બાંધી લાકડી સાથે એક વ્યક્તિ દેખાય છે. આ વ્યક્તિ સ્ટેઝિન હોવાનો ભાજપે દાવો કર્યો છે.

આ હિંસક આંદોલન અને પોલીસ દ્વારા ફાયરિંગના કલાકો બાદ કેન્દ્ર સરકારે આ હિંસા માટે સમાજ સેવક સોનમ વાંગચુકને જવાબદાર ઠેરવ્યા હતા.

# સંજય કપૂરની વસિયત ગુપ્ત રાખવા માંગે છે ત્રીજી પત્ની, કોર્ટનો ઈનકાર

નવી દિલ્હી, તા.૨૫

સંજય કપૂરની મિલકત અંગેનો વિવાદ હાલમાં દિલ્હી હાઈકોર્ટમાં ચાલી રહ્યો છે. કરિશ્મા કપૂરના બાળકો, સમાયરા અને કિયાન, તેમજ સંજયની માતા અને તેની બહેને પ્રિયા સચદેવ વિરુદ્ધ સંજયના વસિયતનામામાં છેતરપિંડી અને છુપાવવાના આરોપનો મામલે કેસ દાખલ કર્યો હતો. આ મામલે કોર્ટમાં આજે સુનાવણી થઈ હતી, જે દરમિયાન પ્રિયાએ સંજય કપૂરની સંપત્તિની યાદી સીલબંધ કવરમાં રજૂ કરવાની મંજૂરી માંગી હતી.

સુનાવણી દરમિયાન પ્રિયા સચદેવ કપૂરના વકીલે કહ્યું, મારી બસ એટલી જ વિનંતી છે કે, વસિયતનામાને સીલબંધ કવરમાં રજૂ કરવાની મંજૂરી આપવામાં આવે, જેથી આ માહિતી જનતા અને મીડિયા સુધી ન પહોંચે. જોકે, કોર્ટે તેમની દલીલને ફગાવતા કહ્યું કે, જ્યારે તમે કોઈપણ મુકદ્દમામાં લેખિત જવાબ દાખલ કરો છો, ત્યારે બીજા પક્ષને પ્રતિદાવો દાખલ કરવા માટે આ માહિતીની જરૂર પડે. તેથી ત્યારે સીલબંધ કવરમાં કેટલી માહિતી રહેશે?

જેના જવાબમાં સચદેવના વકીલે કહ્યું કે, તેમાં ઘણી બધી માહિતી છે, જે જાહેર ન થવી જોઈએ. હું તેને બધા સાથે શેર કરવા તૈયાર છું, માત્ર તેને ગુપ્ત રાખો. જોકે કોર્ટે તેના પર સ્પષ્ટ ઈનકાર કરી દીધો હતો. વકીલે ફરી કહ્યું કે, હું માત્ર બે પાના સીલબંધ કવરમાં રાખવાની માંગણી કરુ છું.

# વેસ્ટ ઈન્ડિઝ સિરીઝ માટે ટીમ ઈન્ડિયાની જાહેરાત, રવિન્દ્ર જાડેજા વાઈસ-કેપ્ટન

નવી દિલ્હી, તા.૨૫

વેસ્ટ ઈન્ડીઝ સામેની બે ટેસ્ટ મેચની સિરીઝ માટે ટીમ ઈન્ડિયાની જાહેરાત કરવામાં આવી છે. આ સિરીઝ માટે રવિન્દ્ર જાડેજાને વાઈસ-કેપ્ટન બનાવવામાં આવ્યો છે. દેવદત્ત પડિકલની વાપસી થઈ છે. તો ઈંગ્લેન્ડ પ્રવાસ દરમિયાન રમનાર કરુણ નાયરને ટીમમાંથી બહાર કરવામાં આવ્યો છે. વેસ્ટ ઈન્ડિઝ સામેની પહેલી ટેસ્ટ ૨ ઓક્ટોબરથી અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાશે. બીજી ટેસ્ટ ૧૦ ઓક્ટોબરે રાજધાની દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમ ખાતે રમાશે.

કરુણ નાયરને સિરીઝમાં સામેલ કરવામાં આવશે નહીં તેવી



અટકળો પહેલાથી જ હતી. ઈંગ્લેન્ડ પ્રવાસ દરમિયાન તેનું પ્રદર્શન ખાસ પ્રભાવશાળી નહોતું અને બરાબર એવું જ થયું. અક્ષર પટેલ ઈંગ્લેન્ડ પ્રવાસ માટે ટીમમાં સામેલ કરવામાં આવ્યો નહોતો, વેસ્ટ ઈન્ડીઝ સામેની સિરીઝમાં વાપસી કરી છે. બે ટેસ્ટ મેચની વેસ્ટ ઈન્ડીઝ સિરીઝ માટે ભારતની ટેસ્ટ ટીમમાં કોઈ મોટા ફેરફારની અપેક્ષા નહોતી. માન્ચેસ્ટરમાં ચોથી ટેસ્ટમાં પગમાં ફ્રેક્ચર થતાં વિકેટકીપર રિષભ પંત વેસ્ટ ઈન્ડીઝ સિરીઝમાંથી બહાર છે. ધ્રુવ જુરેલ તેની જગ્યાએ પ્રથમ પસંદગીના રિપ્લેસમેન્ટ તરીકે રમશે, જ્યારે તમિલનાડુના એન. જગદીશા બેકઅપ વિકેટકીપર હશે. જસપ્રીત બુમરાહ, મોહમ્મદ સિરાજ અને પ્રસિદ્ધ કૃષ્ણા ફાસ્ટ બોલિંગ આક્રમણનું નેતૃત્વ કરશે.

# બેંગલુરુના ટ્રાફિક માટે નહીં ખૂલે વિપ્રોના કેમ્પસનો રસ્તો, અઝીમ પ્રેમજીએ ઠુકરાવી CMની માંગ

નવી દિલ્હી, તા.૨૫

બેંગલુરુની આઉટર રિંગ રોડ (ORR) પર વધી રહેલા ટ્રાફિકને ઓછો કરવા માટે કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ આઈટી કંપની વિપ્રોને અપીલ કરી હતી. મુખ્યમંત્રીએ વિપ્રોના સ્થાપક અઝીમ પ્રેમજીને પત્ર લખીને કંપનીના સરજાપુર કેમ્પસમાંથી લોકોને અમુક સમય માટે પસાર થવાની મંજૂરી આપવા વિનંતી કરી હતી. મુખ્યમંત્રીએ દાવો કર્યો હતો કે, જો વિપ્રો તેના કેમ્પસનો એક ભાગ ખોલે તો ઓફિસના કલાકો દરમિયાન ટ્રાફિકમાં ૩૦ ટકા જેટલો ઘટાડો થઈ શકે છે.

અઝીમ પ્રેમજીએ મુખ્યમંત્રીના પ્રસ્તાવને નકારી કાઢ્યો છે. તેમણે જવાબમાં જણાવ્યું કે, સરજાપુર કેમ્પસ કંપનીની



ખાનગી સંપત્તિ છે, કંપની સ્પેશિયલ ઈકોનોમિક ઝોન (SEZ) હેઠળ આવે છે, જ્યાં વૈશ્વિક ગ્રાહોને સેવા પૂરી પડાય છે. આવી સ્થિતિમાં કરાર અને ગર્વનન્સ નિયમો હેઠળ કડક સુરક્ષા વ્યવસ્થા જરૂરી છે, તેથી જાહેર વાહનોની અવરજવર કાયદેસર રીતે શક્ય નથી.'

તેમણે એમ પણ કહ્યું કે, આ રસ્તા પરથી જાહેર વાહનોની અવરજવર કાયદાકીય રીતે શક્ય નથી અને તે લાંબા ગાળાનું સમાધાન પણ સાબિત નહીં થાય. અમારી કંપની સરકાર સાથે મળીને બેંગલુરુ ટ્રાફિક સમસ્યાનો ઉકેલ લાવવા માટે પ્રતિબદ્ધ છે. તેમણે સૂચન આપ્યું છે કે, ડેટા-આધારિત, સહયોગાત્મક અભ્યાસ હાથ ધરવામાં આવે, જેથી ટૂંકા ગાળા, મધ્યમ ગાળા અને લાંબા ગાળા માટે અસરકારક ઉકેલો શોધી શકાય.'

# રશિયા અને ઈરાન વચ્ચે ઈરાનમાં નાના પરમાણુ પાવર પ્લાન્ટ બનાવવા માટે કરાર

મોસ્કો, તા.૨૫

રશિયા અને ઈરાન ઈરાનમાં નાના પરમાણુ પાવર પ્લાન્ટ બનાવવા માટે કરાર પર પહોંચ્યા છે. આ કરાર બુધવારે મોસ્કોમાં હસ્તાક્ષર કરવામાં આવ્યો હતો, જ્યાં રશિયન પરમાણુ એજન્સી રોસાટોમના વડા એલેક્સી લિખાચેવ અને ઈરાનના પરમાણુ વડા મોહમ્મદ ઈસ્લામી વચ્ચે વાતચીત થઈ હતી. રોસાટોમે આ પ્રોજેક્ટને વ્યૂહાત્મક ગણાવ્યો છે.

ઈરાનના ઉપરાષ્ટ્રપતિ મોહમ્મદ ઈસ્લામીએ જણાવ્યું હતું કે ઈરાન ૨૦૪૦ સુધીમાં ૨૦ ગીગાવોટ પરમાણુ પાવર ઉત્પન્ન કરવાની યોજના ધરાવે છે. આ હાંસલ કરવા માટે, આઠ નવા પરમાણુ પ્લાન્ટ બનાવવામાં આવશે, જેમાંથી ચાર દક્ષિણ પ્રાંત બુશેહરમાં સ્થિત હશે. આનાથી ઉનાળા અને સૌથી વધુ વીજળીની માંગવાળા મહિનાઓમાં ઈરાનને વીજળીની અછતમાંથી રાહત મળશે. હાલમાં, દક્ષિણ શહેર બુશેહરમાં સ્થિત ઈરાનમાં ફક્ત એક જ પરમાણુ રિએક્ટર કાર્યરત છે. તે રશિયા દ્વારા બનાવવામાં આવ્યું હતું અને તેની ક્ષમતા ૧ ગીગાવોટ છે. રશિયા અને ઈરાન વચ્ચે મજબૂત સંબંધો છે. રશિયાએ અમેરિકા અને ઈઝરાયલ દ્વારા ઈરાની પરમાણુ સુવિધાઓ પરના હુમલાઓની ટીકા કરી હતી. ૧૩ જૂનના રોજ, ઈઝરાયલે ઈરાની પરમાણુ સુવિધાઓ અને લશ્કરી થાણાઓ પર હવાઈ હુમલો કર્યો.

આ હુમલામાં ૧,૦૦૦થી વધુ લોકો માર્યા ગયા, જેમાં ટોચના ઈરાની સૈન્ય કમાન્ડરો અને પરમાણુ વૈજ્ઞાનિકોનો સમાવેશ થાય છે. ઈરાને મિસાઈલ અને ડ્રોન હુમલાઓનો જવાબ આપ્યો, જેમાં ડઝનેક ઈઝરાયલીઓ માર્યા ગયા. અમેરિકાએ પણ ત્રણ ઈરાની પરમાણુ સુવિધાઓ પર બોમ્બમારો કર્યો. ઈરાનનો દાવો છે કે તેનો પરમાણુ કાર્યક્રમ સંપૂર્ણપણે શાંતિપૂર્ણ છે.

# ભાજપે બિહાર અને બંગાળ ચૂંટણી માટે સીઆર પાટિલ અને કેશવ પ્રસાદ મૌર્યને જવાબદારી આપી

નવી દિલ્હી, તા.૨૫

બિહાર ચૂંટણીની તારીખો હજુ જાહેર કરવામાં આવી નથી, પરંતુ તમામ પક્ષો સંપૂર્ણ રીતે તૈયાર છે. આ દરમિયાન, ભારતીય જનતા પાર્ટીએ ગુરુવારે (૨૫ સપ્ટેમ્બર) એક મોટી જાહેરાત કરી. ભાજપે બિહાર અને પશ્ચિમ બંગાળ ચૂંટણી માટે પ્રભારીઓની જાહેરાત કરી છે. પાર્ટીએ કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનને બિહાર ચૂંટણી માટે પ્રભારી તરીકે નિયુક્ત કર્યા છે, તેમને મહત્વપૂર્ણ જવાબદારી સોંપી છે. ઉત્તર પ્રદેશના નાયબ મુખ્યમંત્રી કેશવ પ્રસાદ મૌર્ય અને કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવને પણ મહત્વપૂર્ણ જવાબદારીઓ સોંપવામાં આવી છે.


ભાજપે સીઆર પાટિલ અને કેશવ પ્રસાદ મૌર્યને બિહાર



ચૂંટણી માટે સહ-પ્રભારી તરીકે નિયુક્ત કર્યા છે. કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવ બંગાળ ચૂંટણીમાં મુખ્ય ભૂમિકા ભજવશે. તેમને પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે, જયારે બિપ્લબ દેબને સહ-પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. તમિલનાડુ વિધાનસભા ચૂંટણી માટે, વૈજયંત જયપંડાને ચૂંટણી પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે, અને મુરલીધર મહેલને ચૂંટણી સહ-પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

આ વખતે, બિહારની ચૂંટણી NDA અને મહાગઠબંધન વચ્ચે સ્પર્ધા હશે. ધર્મેન્દ્ર પ્રધાનની વાત કરીએ તો, તેમણે ઘણી વખત મહત્વપૂર્ણ પક્ષની જવાબદારીઓ નિભાવી છે. તેમને ઉત્તર પ્રદેશ અને કર્ણાટક જેવા રાજ્યોમાં મહત્વપૂર્ણ ચૂંટણી જવાબદારીઓ સોંપવામાં આવી છે.

# "આ તો મારા માડીના રથનો રણકાર"...આણંદમાં નવરાત્રીની રમઝટ જામી






સમગ્ર ચરોતર સહિત આણંદ વિદ્યાનગરમાં નવરાત્રીનો માહોલ જામ્યો છે ત્યારે આણંદના વિવિધ ગરબા ગ્રાઉન્ડોમાં ખેલૈયાઓની ભારે ભીડ ઉમટી રહી છે.મોદી રાતથી વહેલી પરોઢ સુધી ચાલતા ગરબામાં ખેલૈયાઓ મન મૂકીને ગરબાની મોજ માણી રહ્યા છે.જયારે ગાયક વૃંદો દ્વારા પણ ખેલૈયાઓના મૂળને અનુરૂપ ગરબા ગાઈને ખેલૈયાઓના ઉત્સાહને વધારે વેગ આપવામાં આવી રહ્યો છે.આણંદના હાર્ટ કિલર,માં શક્તિ,ડી એન હાઈસ્કુલ,વૃંદાવન,શાન નવરાત્રી સહીતના ગરબા ગ્રાઉન્ડોમાં ખેલૈયાઓની હકડેઠઠ ભીડ ઉમટી રહી છે. (તસ્વીર -સુરેશ ઠાકુર,આણંદ )





## પંડિત દિનદયાલ ઉપાધ્યાયની જન્મજયંતિ નિમિત્તે 'એક દિવસ, એક કલાક' સૂત્ર સાથે આણંદમાં સ્વચ્છતા અભિયાન યોજાયું




આણંદ, તા. ૨૫

"સ્વચ્છતસવ '' અભિયાન - ૨૦૨૫ અંતર્ગત પંડિત દિનદયાલ ઉપાધ્યાયની જન્મજયંતિના અવસરે 'એક દિવસ, એક કલાક' સૂત્ર સાથે નાયબ મુખ્ય દંડક રમણભાઈ સોલંકીએ બોરસદ ચોકડીથી જીટોડિયા રોડ ઉપર શ્રમદાન કર્યું હતું.જેમાં જિલ્લાના અગ્રણી પદાધિકારીઓ તથા ઉચ્ચ અધિકારીઓ સહીત નગરજનો જોડાયા હતા.

આ પ્રસંગે નાયબ મુખ્ય દંડકએ જણાવ્યું હતું કે, સ્વચ્છતા જ સાચી ભક્તિ છે અને એ આપણી સંસ્કૃતિનો અભિન્ન ભાગ છે. સ્વચ્છ ભારત – સ્વચ્છ ગુજરાત – સ્વચ્છ ગામના મહાસંકલ્પને સાકાર કરવા સૌ નાગરિકોને આ અભિયાનમાં જોડાઈને શ્રમદાન કરવા તેમણે આહ્વાન કર્યું હતું.

વધુમાં નાયબ મુખ્ય દંડકએ ઉમેરતા જણાવ્યું હતું કે, સ્વચ્છ ભારતના સ્વપ્નને ચરિતાર્થ બનાવવાના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના પ્રયાસોમાં દેશના દરેક નાગરિકને આ અભિયાનમાં જોડાઈને પોતાનું ઘર, ગામ અને શહેર સ્વચ્છ રાખવું જોઈએ.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ હસમુખભાઈ પટેલ, ધારાસભ્ય યોગેશભાઈ પટેલ, મહાનગરપાલિકાના કમિશનર મિલિંદ બાપના, જિલ્લા વિકાસ અધિકારસુ દેવાહુતી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક જે. વી. દેસાઈ સહીત મોટી સંખ્યામાં નગરજનો જોડાયા હતા.

## ઓડ ગામે એક જ કોમના બે જુથ વચ્ચેની મારામારીમાં સામ સામે ફરિયાદો

### મંગળવારે મોડી રાત્રે બનેલા બનાવમાં બે જુથોની મારામારી અને પથ્થરમારો થતાં વાતાવરણ તંગ બની જવા પામ્યુ હતુ

આણંદ, તા. ૨૫

આણંદ તાલુકાના ગામે સુરીવાળી ભાગોળ વિસ્તારમાં મંગળવારે રાત્રે એક જ કોમના બે જૂથો વચ્ચે બહેન ગામની યુવતી સાથે ડાકોર જવા બાબતે અને ઘરના માણસોને ગમે તેમ બોલવા બાબતે અથડામણ થતા બુધવારે મોડી રાત્રે ખંભોળજ પોલીસ મથકમાં સામસામે ફરિયાદ નોંધાઈ છે

આણંદ તાલુકાના ઓડ ગામે મોટું ફળીયું સુરવાળી ભાગોળ વિસ્તારમાં રહેતા ૨૯ વર્ષીય લક્ષ્મીબેન મનહરભાઈ શનાભાઈ પરમારે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યા મુજબ નજીકમાં જ રહેતા સંદીપભાઈ શંકરભાઈ પરમાર અને પીન્ટુભાઈ શંકરભાઈ પરમારની બહેન સાથે લક્ષ્મીબેન ડાકોર ગયા હોવાથી સંદીપભાઈ અને પીન્ટુભાઈ લક્ષ્મીબેનના ફળીયામાં આવેલ હરસિદ્ધિ માતાના મંદિરે આવીને લક્ષ્મીબેનના ભાઈ કિરણકુમારની ફેંટ પકડી તારી બેન લક્ષ્મી ક્યાં છે. તેમ કહી બંનેની સાથે આવેલ અર્પણ ભાનુભાઈ પરમાર, ધનરાજકુમાર રમેશભાઈ પરમાર, તેજસકુમાર રમેશભાઈ પરમાર, યુવરાજભાઈ મણીભાઈ પરમાર, મણીભાઈ શંકરભાઈ પરમાર, રમેશભાઈ શંકરભાઈ પરમાર, ભલાભાઈ શંકરભાઈ પરમારે ભેગા મળી લક્ષ્મીબેનને મંદિરની બહાર લાવી ગડદાપાટુનો માર મારી તેમજ લક્ષ્મીબેનના પરિવારજનો અને કુટુંબીજનોને ઈંટોના છૂટા ટુકડા મારી લક્ષ્મીબેનના કાકા અરવિંદભાઈ, પરીવારના રીંકુબેન, દક્ષેશભાઈ, માતા કોકીલાબેન, કાકી રંજનબેન સહિતના લોકોને પથ્થરમારો તેમજ દંડા મારી ઈજાઓ કરી જાનથી મારી નાખવાની ફરિયાદ નોંધાવતા ખંભોળજ પોલીસે સંદીપ શંકરભાઈ પરમાર સહિત નવ વિરુદ્ધ ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

સામા પક્ષે વર્ષાબેન રમેશભાઈ શંકરભાઈ પરમારે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યા મુજબ નજીકમાં રહેતા કોકીલાબેન મનહરભાઈ પરમાર, કાજલબેન કિરણભાઈ પરમાર, લક્ષ્મીબેન મનહરભાઈ પરમાર, જ્યોત્સનાબેન મનહરભાઈ પરમાર, કિરણભાઈ મનહરભાઈ પરમાર, મનહરભાઈ શનાભાઈ પરમાર દક્ષેશભાઈ રાજુભાઈ પરમાર અને મહેશભાઈ રમેશભાઈ પરમાર વર્ષાબેનના ઘરના માણસોને ગાળો બોલી માર મારી ઝઘડો કરી પથ્થરમારો કરી તેમજ લાકડાના દંડાથી લીલાબેન, ચંપાબેન સહિતના પરિવારજનોને ઈજાઓ કર્યાની ફરિયાદ નોંધાવતા પોલીસે બંને પક્ષોની ફરિયાદો લઈ આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## પેટલાદ કોલેજમાં શરદોત્સવ ગરબા મહોત્સવની ઉજવણી કરવામાં આવી

(તસવીર : જેનુલ સૈયદ, પેટલાદ)




આણંદ, તા. ૨૫

પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત આર.કે. પરીખ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ પેટલાદમાં શરદોત્સવ નિમિત્તે તા. ૨૫/૦૯/ ૨૦૨૫ના રોજ સંસ્થાના આચાર્ય ડૉ.વિમલ જોશીના માર્ગદર્શનમાં પેટલાદના લોકલાડીલા ધારાસભ્ય અને કોલેજના પૂર્વવિદ્યાર્થી મંડળના પ્રમુખ કમલેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં ગરબા મહોત્સવ હરીફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું. મા અંબાની આરતીથી ગરબા મહોત્સવની શરૂઆત કરવામાં આવી હતી. આ પ્રસંગે ધારાસભ્યશ્રી કમલેશભાઈ પટેલે આશિર્વાદરૂપ પ્રવચનમાં મા જગજનની ભવાનીના આશિર્વાદ સૌને ફળે અને સૌનું સર્વપ્રકારે કલ્યાણ થાય એવી શુભ ભાવના વ્યક્ત કરી હતી. કોલેજના પટાંગણમાં ટ્રેડિશનલ ડ્રેસમાં વિદ્યાર્થીઓ મન મૂકીને આનંદથી ગરબે ઘુમ્યા હતા. સ્પર્ધાની રીતે યોજાયેલા ગરબા મહોત્સવમાં બેસ્ટ ડ્રેસિંગ બહેનોમાં પ્રથમ ક્રમે પીઠડિયા સ્નેહા બી.એ. સેમ-૧, દ્વિતીય ક્રમે ઠાકોર પ્રીતિ એમ.એ.સેમ-૩ અને તૃતીય ક્રમે કાછિયા સ્નેહા બી.એ.સેમ-૩ વિજેતાં થયાં હતાં. બેસ્ટ ડ્રેસિંગ ભાઈઓમાં પ્રથમ ક્રમે પરમાર દિપેશ એમ.એ.સેમ-૧, દ્વિતીય ક્રમે તલપદા નૈનેશ બી.એ. સેમ-૧ અને તૃતીય ક્રમે ભરવાડ ગોપાલ બી.એ. સેમ-૩ વિજેતા થયા હતા. બેસ્ટ એક્શન બહેનોમાં પ્રથમ ક્રમે ફોરમ ગોહેલ બી.એ. સેમ-૫, દ્વિતીય ક્રમે પટેલ આસ્થા

(અનુ. પાન નં. ૭ પર)

## કેડીસીસી બેંકના સેવાલીયા શાખાના બાકીદારના ચેક રીટર્ન કેસમાં કોર્ટે આરોપીને ૨ વર્ષની સજા ફટકારી




આણંદ, તા. ૨૫

ધી ખેડા ડીસ્ટ્રીક સેન્ટ્રલ કો.ઓ.બેંક લી. નડીઆદની સેવાલીયા શાખામાંથી ધીરાણ લેનાર અશોકગીરી માયાગીરી ગોસ્વામી મુ.નવાકુવા, થર્મલ, તા.ગળતેશ્વર, જી.ખેડા તેમજ તેમના પુત્ર મુકેશગીરી અશોકગીરી ગોસ્વામી,મુ.નવાકુવા, થર્મલ,તા.ગળતેશ્વર,જી.ખેડા એ ધિરાણની રકમ સમયસર નહી ભરતા ફરીયાદી કેડીસીસી બેંક ધ્વારા ઉઘરાણી કરતાં તે રકમની પરત ચુકવણી પેટે અશોકગીરી એ કેડીસીસી બેંકને પોતાનો ચેક રકમ રૂ.,૭,૭૫,૪૧૧/- નો લખી આપેલ હતો. તેમજ મુકેશગીરી એ કેડીસીસી બેંકને પોતાનો ચેક રકમ રૂ.૪,૮૧,૫૭૦/- નો લખી આપેલ હતો. જે ચેક રીટર્ન થવાના કિસ્સામાં નોગશીયેબલ ઈન્સ્ટ્રૂમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબ અશોકગીરી અને મુકેશગીરીની સામે ક્રિમીનલ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી.

જેની સુનાવણી હાથ ધરતાં બન્ને પક્ષોની દલીલો અને પુરાવાની ચકાસણી બાદ ગળતેશ્વરના મે.જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટના કેસ નં.૨૨૮/૨૦૧૯ માં જજ ડી.જી.વાઘેલા સાહેબશ્રીએ અશોકગીરી માયાગીરી ગોસ્વામી ને ૨ વર્ષની સાદી કેદની સજા તથા રીટર્ન થયેલ ચેકની રકમ રૂ.૭,૭૫,૪૧૧/- બેંકમાં ભરપાઈ કરવા તેમજ જો તેમ કરવામાં નિષ્ફળ જાય તો વધુ ૩ માસની સજાનો હુકમ કરેલ છે. તેમજ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટના કેસ નં.૨૨૯/૨૦૧૯ માં જજ ડી.જી.વાઘેલા સાહેબશ્રીએ મુકેશગીરી અશોકઝીરી ગોસ્વામી ને ૨ વર્ષની સાદી કેદની સજા તથા રીટર્ન થયેલ ચેકની રકમ રૂ.૪,૮૧,૫૭૦/- બેંકમાં ભરપાઈ કરવા તેમજ જો તેમ કરવામાં નિષ્ફળ જાય તો વધુ ૩ માસની સજાનો હુકમ કરેલ છે.આમ, પિતા-પુત્રને સજા થતાં સમગ્ર પંથકમાં ચેક રીટર્ન કેસમાં ફફડાટ ફેલાઈ ગયો હતો.

## આણંદ જિલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને જિલ્લા કક્ષાનો સ્વાગત કાર્યક્રમ યોજાયો




આણંદ, તા. ૨૫

જિલ્લા કલેકટર પ્રવીણ ચૌધરીના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરી, આણંદ ખાતે જિલ્લા કક્ષાનો સ્વાગત કાર્યક્રમ યોજાયો હતો.

જિલ્લાના પ્રજાજનોની સુખાકારી અને તેમના પ્રશ્નોના ઝડપી નિવારણ માટે આયોજિત આ સ્વાગત કાર્યક્રમમાં જિલ્લા કક્ષા અને તાલુકા-ગ્રામ્યક્ષાના સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમને અનુલક્ષીને અરજદારોની ફરિયાદોને હકારાત્મક અભિગમ આપીને જિલ્લા કક્ષાએથી વહીવટી તંત્ર દ્વારા યોગ્ય કાર્યવાહી કરવામાં આવી રહી છે.

સ્વાગત કાર્યક્રમમાં અરજદારો દ્વારા રજૂ કરાયેલ ૦૮ જેટલા પ્રશ્નો મુદ્દે તથા અગાઉના ૦૩ પડતર પ્રશ્નો જિલ્લા જિલ્લા કલેકટરએ સંબંધિત અધિકારીઓ સાથે જરૂરી જાણકારી મેળવી અરજદાર સાથે વાત કર્યા બાદ તમામ પ્રશ્નોનું હકારાત્મક નિરાકરણ કરવામાં આવ્યું હતું. જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી સુ દેવાહુતી,નિવાસી અધિક કલેકટર આર.એસ.દેસાઈ સહિત સંલગ્ન વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## બોરસદના કાલુ ગામમાં મનરેગા યોજનામાં ઉચાપત કરનાર પંચાયતના હોદ્દેદારો સામે પોલીસની રહેમ નજર ?

(તસ્વીર - સુરેશ ઠાકુર, આણંદ)

આણંદ, તા. ૨૫

બોરસદના કાલુ ગામમાં મનરેગા યોજનામાં ઉચાપત કરનાર પંચાયતના હોદ્દેદારો સામે તાલુકા વિકાસ અધિકારી દ્વારા વિરસદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી હોવા છતાં પોલીસ દ્વારા કોઈપણ પ્રકારની કાર્યવાહી ન કરવામાં આવી હોવાના આક્ષેપ સાથે જિલ્લા કલેકટરને રજૂઆત કરવામાં આવી છે.આ મામલે પ્રાપ્ત માહિતી અનુસાર બોરસદ તાલુકાના



કાલુ ગામ ખાતે પંચાયત દ્વારા સરકારની મનરેગા યોજના અંતર્ગત કરવામાં આવતી કામગીરીમાં ગ્રામ પંચાયત હસ્તકના ચિતરાઈ તળાવ સર્વે નં.૧૮ માં તળાવ ઊંડું કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.જેમાં પંચાયતના સભ્ય, તલાટી કમ મંત્રી, હાજરી પૂરનાર સુપરવાઈઝર,ગ્રામ રોજગાર સેવક સહિતના હોદ્દેદારો દ્વારા વર્ષ ૨૦૨૦-૨૦૨૧ માં મૃત્યુ પામેલા ત્રણ મૃતકોના નામની ખોટી હાજરી પૂરીને ગેરકાયદેસર કાર્ય કર્યું હતું.અને પોતાના ગજવા ભરી

(અનુ. પાન ૭ ઉપર...)

# દિવ્ય સમાચાર

## પાકે. પણ ડોનાલ્ડ ટ્રમ્પનો દાવો નકાર્યો...

ભારતે પાકિસ્તાનની સાથે છેડેલા ઓપરેશન સિંદૂરમાં યુદ્ધવિરામ માટે સતત યશ લેતા અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના દાવાને આ વખતે પાકિસ્તાને પણ ખોટા ઠેરવીને તેમને વાસ્તવિકતાનું ભાન કરાવી દીધું છે. ટ્રમ્પે આ યુદ્ધવિરામ પોતે કરાવ્યું હોવાના લગભગ ૧૨ વખત દાવા કરીને પોતાને શાંતિના હિમાયતી ગણાવવાની કોઈ તક જતી કરી ન હતી. ભારતે દરેક વખતે આ દાવાને ખોટો ગણાવીને આ યુદ્ધવિરામ બન્ને દેશ વચ્ચેની સીધી વાતચીત અને તે પણ પાકિસ્તાનના અનુરોધ બદલ થયો હોવાનો ખુલાસો કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે, નોબેલ શાંતિ પુરસ્કારના પોતાના દાવા માટે મથી રહેલા અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પ એવો દેખાવ કરતા રહ્યા છે કે તેમણે ભારત અને પાકિસ્તાન વચ્ચે ઓપરેશન સિંદૂરમાં યુદ્ધવિરામ કરાવીને અણુ યુદ્ધના જોખમથી દુનિયાને ઉગારી હતી. ભારત આ દાવાને સતત નકારતો રહ્યો છે. હવે પાકિસ્તાનના નાયબ વડાપ્રધાન અને વિદેશમંત્રી ઈશાક ડારે પણ ટ્રમ્પના આ દાવાને ખોટો ગણાવીને આખા મામલાનો છેદ ઉડાડી દીધો છે. આ અગાઉ પાકિસ્તાને અમેરિકાને રાજી કરવા ટ્રમ્પના દાવામાં સૂર પણ પુરાવ્યો હતો. પણ હવે અલજજીરાને ટીવીને આપેલી એક મુલાકાતમાં ડારે પહેલી વખત સ્વીકાર્યું છે કે, ભારતે કદી બંને દેશ વચ્ચે કોઈ ત્રીજા પક્ષની મધ્યસ્થી સ્વીકારી નથી. ભારતે સ્પષ્ટ રીતે કહ્યું કે, આ એક દ્વિપક્ષીય મુદ્દો છે. ડારે તો એટલે સુધી કહ્યું કે, તેમણે અમેરિકાના વિદેશમંત્રી માર્કો રૂબિયોને પૂછયું હતું કે, ભારત અને પાકિસ્તાન વચ્ચેના વિવાદને અમેરિકા ઉકેલી રહ્યું છે, પણ રૂબિયોએ જવાબમાં કહ્યું હતું કે, ભારત સ્પષ્ટ રીતે માને છે કે, આ દ્વિપક્ષીય મુદ્દો છે. અમેરિકાએ એમ પણ કહ્યું હતું કે, ભારત અને પાકિસ્તાન વચ્ચે કોઈ તટસ્થ સ્થળે વાતચીત કરાવી શકાય, પણ ૨૫ મી જુલાઈના વોશિંગ્ટનમાં યોજાયેલી બેઠકમાં રૂબિયોએ ડારને કહી દીધું હતું કે, ભારત આ દરખાસ્ત સાથે સંમત નથી.

ભારતનું વલણ અગાઉથી સ્પષ્ટ છે કે કાશ્મીર અથવા પાકિસ્તાનને સંલગ્ન કોઈપણ મુદ્દા પર માત્ર દ્વિપક્ષીય ચર્ચા જ શકય છે.

અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પની મહેચ્છા રહી છે કે વિવિધ દેશો વચ્ચેના વિવાદોમાં મધ્યસ્થી કરીને શાંતિનો પુરસ્કાર મેળવવો, તેમની આ યાદીમાં ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધો પણ છે, પણ ભારત માને છે કે પાકિસ્તાન સાથેનો કોઈપણ સંવાદ સિમલા કરારની જોગવાઈ મુજબ મધ્યસ્થી વગર જ શકય છે.

અમેરિકાના રાષ્ટ્રપતિએ ઓપરેશન સિંદૂરમાં યુદ્ધવિરામ માટે સફળ દરમિયાનગીરીના દાવા કરીને ભારતીય વિપક્ષી નેતાઓને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વિરૂદ્ધ આક્રમણનો મુદ્દો આપી દીધો હોવાનો તાલ થયો હતો. ભારત સરકારે ટ્રમ્પના આ દાવાનો સત્તાવાર રીતે સતત ઈનકાર કર્યો હોવા છતાં વિપક્ષી નેતાઓએ તેને માનવાને બદલે મોદી સામે સતત બખાળા કાઢીને રાજકીય રોટલા શેકવામાં કોઈ કસર છોડી નહોતી. સંસદના ચોમાસુ સત્ર દરમિયાન પણ આ મુદ્દો વિપક્ષે ધમાલ કરીને સરકારનો જવાબ માગ્યો હતો. હવે જ્યારે ટ્રમ્પનો દાવો પાકિસ્તાને પણ નકારી કાઢયો છે ત્યારે વિપક્ષે દેશની અને વડાપ્રધાનની માફી માગવાની તસ્દી લેવી જોઈએ.

## કટાક્ષ







# જુવાન હૈયાંનાં ડેટિંગમાં 'ઓનેસ્ટિ બોમ્બિંગ' વળી શું છે?



**કોરોનાના કપરાકાળમાં નૈતિકતાના ઘણા જૂના નિયમોને ફગાવી આજની યુવા પેઢી પોતાનાં જીવનસાથીની શોધ માટે કેટલીક નવી રીતિ - નીતિ સાથે ડેટિંગ કરી રહી છે. શું છે એ નોખી ડેટિંગ પ્રક્રિયા ?**

'બાર ગામે બોલી બદલાય ને તેર ગામે પાણી' એવી આપણી એક ઉક્તિ અનુસાર વર્ષોનાં ક્રમશઃ સાથે યુવાન પેઢીની પરિભાષા પણ પલટાય છે સમયના વિભિન્ન તબક્કા જેમ કે 'જનરેશન X, Y કે પછી જનરેશન Z' કે પછી 'જનરેશન ઝી' તરીકે આ 'જનરેશન ઝી'ની પણ એક આગવી ઓળખ છે ૧૯૯૭ થી ૨૦૨૧ ના ગાળામાં જન્મેલા યુવાન 'જનરેશન ઝી' તરીકે ઓળખાય છે. આ તબક્કાની પેઢી આજકાલ સમાચારમાં ખાસ્સી ગાજી છે. ખાસ કરીને રાજકીય ઉપદ્રવોમાં... તાજેતરનાં બાંગ્લાદેશ અને પછી નેપાળ અને એના સમાંતરે ફ્રાન્સમાં થયેલાં રાષ્ટ્રવ્યાપી આંદોલનો અને સત્તાપલટામાં આ પેઢીએ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે.

આપણે એ બધી વાત બાજુ પર રાખીએ અને આ જનરેશનના છેલ્લા પાંચ વર્ષ દરમિયાન આપણી બોલી અને લિપિ એટલે કે બોલચાલની ભાષા અને લખાણમાં જે જે નવા નવા શબ્દો ઉમેરાતાં ગયા એમાંના બે શબ્દની વાત કરીએ - ઉદાહરણ તરીકે 'હાર્ડ બોલિંગ' અને બીજો શબ્દ છે 'ઓનેસ્ટિ બોમ્બિંગ'.

આ બન્ને શબ્દ આજકાલની બહુ લોકપ્રિય એવી ડેટિંગ એપ્સમાં (એટલે કે એપ્લિકેશન)માં વિશેષરૂપે પ્રચલિત છે.

આમાંથી પ્રથમ શબ્દ : 'હાર્ડ બોલિંગ' એટલે કંપનીના ચીફ પોતાના કર્મચારી પાસે જે કામ જોઈતું હોય એ મેળવવા શબ્દો ચોર્યા વગર સ્પષ્ટ વાત કરે તે...

બીજો શબ્દ થોડો વધુ અજાણ્યો છે, એ છે : 'ઓનેસ્ટ બોમ્બિંગ', જેનો અર્થ છે જીવનસાથીની પસંદગી કરવા જાવ ત્યારે એકમેક પોતાની ખામી - ખૂબી વિશે ખુલ્લા મને વાત કરવી એ વાતની શરૂઆત આપણે 'હાર્ડ બોલિંગ'થી કરીએ. યુવાનોમાં પોપ્યુલર એવી 'ટિન્ડર' - 'ઓકે કયુપિય' કે પછી 'બ્લુમ્બ' એપ્સ દ્વારા ડેટિંગ કરતાં યુવક - યુવતીમાં અમુક યુવતી વધુ બોલકી હોય છે. લગ્નજીવન વિશેના એનાં ખ્યાલ - વિચાર એકદમ સ્પષ્ટ હોય છે. 'જોઈએ પછી વિચારીશું...' એવું બોલવા - ચાલવામાં એ માનતી પણ નથી. લગ્ન પછી એને શું શું જોઈએ છીએ - પોતાની પસંદગીનું ઘર - જોબ - રોજિંદી કામગીરીથી માંડીને બેડરૂમ સુદ્ધાંની પોતાની ઈચ્છા - મહેચ્છા - કામેચ્છા સુદ્ધાની વાત એ જરાય સંકોચ રાખ્યા વગર વ્યકત કરે છે. લગ્ન સંબંધ બંધાય પછી આમચી બમ્બૈયા ભાષામાં કહીએ તો એને આવી 'ખાલીપીલી માથાપચી' પસંદ નથી !

બીજા શબ્દોમાં કહો તો ડેટિંગ એપ પર 'હાર્ડ બોલિંગ'ની નીતિ-રીતિ અપનાવતી લગ્નઈચ્છુક કન્યા કોઈ મોટી કોર્પોરેટ કંપનીની સીઈઓ - ચીફ જેવી પાક્કી પ્રોફેશનલ - વ્યવસાયિક હોય છે. પોતાના સહયોગી કે સ્ટાફ પાસે જોઈતું કામ કઢાવે એવી. એમાં દલીલ - બહાનાબાજી ન ચાલે એવું જ વલણ પોતાના મેરેજ રિલેશનમાં દર્શાવવામાં એ સહેજે ઊણી ન ઊતરે. આવી 'હાર્ડબોલર' યુવતીનાં મેરેજ કેટલાં લાંબા ટકે એ પણ વિચારવાનો એક સાવ અલગ વિષય છે.

જો કે, કોરોના કાળના પ્રારંભ પછી લગ્નઉત્સુક જુવાન હૈયામાં મન-મેળાપ કરાવી આપતી અનેક ડેટિંગ એપમાં અણધાર્યા ફેરફાર આવી ગયાં છે. આમ તો કોરોના તેમજ એને પગલે ઝીંકાયેલાં લાંબા - પહોળાં લોકડાઉનના પ્રતાપે બહુ જાણીતી અને પ્રચલિત એવી ડેટિંગ એપ્સ પર ૨૦ ટકાથી ૬૦ ટકા જેટલો ટ્રાફિક ઉપયોગ વધી ગયો છે. એટલું જ નહીં, આજે પણ નિયમિત દરે ૧૦ થી ૧૫ ટકા જેટલાં નવા મેમ્બર્સ પણ ઉમેરાતા રહે છે.

એ બધા વચ્ચે, કેટલીક એપ એની અમુક લાક્ષણિકતાને લીધે સાવ અલગ તરી આવી છે. એ જ કારણે એ ખાસ્સી લોકપ્રિય પણ બની છે. આના પ્રતાપે એપ દ્વારા થતાં આ ડેટિંગના જમાનામાં અચરજ પહોંચાડે જિજ્ઞાસા જગાડે એવો એક મજાનો શબ્દ વહેતો થયો છે. એ શબ્દ છે : 'ઓનેસ્ટ બોમ્બિંગ'... હકીકતમાં આ 'ઓનેસ્ટ બોમ્બિંગ' શું છે?

આ વાત અમદાવાદના પ્રસિદ્ધ એક જાણીતા મનોચિકિત્સક આ રીતે સમજાવે છે :

'આજની યુવા પેઢી માટે આ 'ઓનેસ્ટ બોમ્બિંગ' વર્ષોથી ચાલી આવતી મોરાલિટિ - નૈતિકતા સામે એક આડકતરી લડત છે - એક ઓનેસ્ટ પ્રમાણિક પ્રતિક્રિયા છે, કારણ કે આ પેઢી મક્કમતાપૂર્વક માને છે કે કોવિડ જેવી વિકટ આફત ત્રાટકી પછી નૈતિક સિદ્ધાંતોનું હવે બહુ મહત્ત્વ નથી રહ્યું. એનો ખોટો ભાર વેંઢારવાને બદલે જે છે એ જિંદગી માણી લેવી જોઈએ...!'

બીજી તરફ, અન્ય એક જાણીતી ડેટિંગ એપ 'બાડો' એ 'ઓનેસ્ટ બોમ્બિંગ'વિશે સરસ સર્વેક્ષણ - વિશ્લેષણ કર્યું છે. એ કહે છે કે કોરોના પછી પરિસ્થિતિ એવી ડરામણી - ભયજનક થઈ ગઈ છે કે ડેટિંગ એપ પર જીવનસાથીની શોધ ચલાવનારામાંથી ૭૨ ટકા યુવક - યુવતી પોતાના વિશે ખુલ્લે મને વાત કરવા તૈયાર છે તો ૮૨ ટકા તો એમની પ્રથમ ડેટ વખતે જ કશું છુપાવ્યા વગર બધું જ કહેવા તત્પર છે. એ માનસિક - શારીરિક - આર્થિક સ્થિતિ - પરિસ્થિતિને છૂપાડવા નથી માગતા. કારણ એ જ કે ડેટિંગને નામે જીવનસાથીના શોધની વાત લંબાયા કરે એ કરતાં પહેલી ડેટ પર જ એ બન્ને પક્ષે બધું નક્કી કરી નાખવાનો એવો એ 'શોર્ટ કટ' અપનાવવા ઈચ્છે છે....

આ પ્રકારનું કશું જ છુપાવ્યા વગરનું 'ઓનેસ્ટ બોમ્બિંગ' ભયજનક નથી? આપણા વડીલો તો (ખાસ કરીને છોકરીને) એવી સલાહ દેતાં હોય છે કે એણે પોતાનાં ભૂતકાળના પ્રેમસંબંધની વાત ભાવિ જીવનસાથીને કહેવી નહીં.... આવી વાત આગળ જતાં એમનાં લગ્ન સંસારમાં કંકાસનું કારણ ન બની શકે?

આ પ્રશ્નના ઉત્તરમાં સુરતના અન્ય એક મનોચિકિત્સક દઢતા સાથે ઉમેરે છે :

'ના આજના જમાનામાં ખાસ કરીને કોવિડ પછીના ડરામણા માહોલ પછી આજની પેઢી માને છે કે જિંદગીનો ભરોસો નથી. કોઈપણ ક્ષણે કંઈ પણ થઈ શકે એટલે પ્રેમ લગ્ન જેવાં નાજુક સંબંધમાં એકમેકથી ભૂતકાળની વાત વિશે સંતાકૂકડી રમવાની જરૂર નથી માટે ભાવિ લગ્નજીવનને વધુ સુરક્ષિત બનાવવા તમે જેટલા પ્રામાણિક રહો એટલું વધુ સારૂં.'

અન્ય મનોચિકિત્સકો પણ ઉમેરે છે કે આજનાં જુવાન હૈયાં 'ઓનેસ્ટ બોમ્બિંગ'ની ડેટિંગ વખતે સામેના વિજાતીય પાત્રને એ પણ સ્પષ્ટ કહી દે છે કે, 'તારાં ભૂતકાળના પ્રેમસંબંધ - અફેર - લફરાંને હુ સ્વીકારી લઉં એટલી જ સહજતાથી તારે મારાં આવાં ભૂતકાળને સ્વીકારી લેવાનો. ભવિષ્ય માટે પણ આપણી આ જ સમજણ રહેશે !'

આ પ્રકારના સ્વીકારથી બન્ને પક્ષ વચ્ચે કોઈ ગુનાહિત લાગણી કે કશું ખોટું કર્યાનો ભાવ રહેતો નથી પરિણામે એમનાં ભાવિ સંબંધમાં હળવાશ રહે છે અને વધુ નિકટતા સર્જાય છે.

કોવિડ પ્રકારની ન કલ્પી હોય એવી આફત કે પછી કોઈ ધરતીકંપ - અતિવૃષ્ટિ જેવી કુદરતી હોનારતે માનવજાત માટે જે અપૂર્વ કટોકટી સર્જી છે એને લીધે આજની યુવા પેઢીને એવો સાક્ષાત્કાર થઈ રહ્યો છે કે જીવન હવે ક્ષણભંગુર છે. મોરાલિટી - નૈતિકતાને વળગી રહેવાનો હવે કોઈ અર્થ નથી રહ્યો એટલે 'હાથે એ સાથે' એ મુજબ જે પણ જીવન મળ્યું છે એને માણી લો... દેવ આનંદના પેલા સદાબહાર ગીતની જેમ : 'હર ફિક્ર કો ધૂંએમેં ઊડાતા ચલા ગયા...!'

આજની યુવા પેઢી માટે હવેથી આ 'ઓનેસ્ટ બોમ્બિંગ' જ 'ન્યૂ નોર્મલ' છે !

# વજન ઓછું કરવાનો નવો નુસખો એટલે ૨૧-૨૧-૨૧



આજકાલ સેલિબ્રિટીમાં વજન ઓછું કરવાનો નવો ટ્રેન્ડ શરૂ થયો છે. જે ૨૧ - ૨૧ - ૨૧ ના નામે જાણીતો થયો છે. આ પ્રક્રિયાને અનુસરવાથી આશરે ૨૩ દિવસમાં તમારા વજનમાં ખાસ્સો ફરક પડે છે. વજન ઓછું કરવા માટે અલગ અલગ ટાઈપની પ્રક્રિયામાં માત્ર એક જ નિયમ લાગુ પડે છે અને એ છે કે, નિયમિતતા જાળવવાની અને આળસ ત્યાગવાની. જો આ બન્નેને તમે તમારી દિનચર્યાનો ભાગ બનાવી દો તો તમારૂં વજન જરૂર ઓછું થશે જ.

ચાલો, હવે સમજી લઈએ કે આ નવી ફોર્મ્યુલા હકીકતમાં શું છે?

૨૧ - ૨૧ - ૨૧ ફોર્મ્યુલા એટલે શું?

આ એક ૬૩ દિવસની એવી ફિટસને યોજના છે કે, એમાં માત્ર ત્રણ ભાગમાં તમારૂં વજન ઓછું કરવાની ક્ષમતા છે. કસરત અને યોગ્ય ભોજન પર ધ્યાન આપી એવી દિનચર્યા સેટ કરવામાં આવે કે તમારૂં વજન ઓછું થાય.

**પહેલા ૨૧ દિવસ, ગતિ પર ધ્યાન આપવું**

શરૂઆતના પહેલાં ૨૧ દિવસ શરીરને હળવા સ્ટ્રેચિંગ અને કસરતની આદત પાડવામાં આવે છે. ધ્યાન એ રાખવું કે હેવી કસરત કરવી નહિ માત્ર શરીરને હળવી કસરતી આદત પાડવાની છે. પહેલાં ૨૧ દિવસ ડાયટ કરવાની પણ જરૂર નથી. તમે જે રૂટીન ખાતા હો તે જ ખાવાનું રાખો. આ પછીના ૨૧ દિવસ - ડાયટમાં ફેરફાર કરવો.

પહેલાં ૨૧ દિવસ જ્યારે શરીરને હળવા સ્ટ્રેચિંગ અને કસરતની આદત પાડયા પછીના ૨૧ દિવસ ડાયટ પર ફોકસ કરવામાં આવે છે. ડાયેટમાં આખો આહાર બદલવાનો હોય છે જેમ કે, આમાં સાકર ઓછી લેવી, જમ્યા પછી ગળ્યું ઓછું ખાવું, રાતના સમયે દૂધ લેવું, જમવામાં ઘઉંની રોટલીને બદલે બાજરાની રોટલી કે પછી જુવારની રોટલી ખાવી, તમારા ખોરાકમાં પ્રોટીનની માત્રા વધારવી જેથી આખો દિવસ પેટ ભરેલું રહે. વાસ્તવમાં તળેલી વાનગીઓ ન ખાવી, પરંતુ તેની બદલે ડ્રાયફ્રુટસ અને ફળ ખાવા. બજારના પેકડ જ્યુસ લેવા નહીં અને તેની બદલે ઘર પર બનાવેલા ડ્રિંકસ લેવા.

**છેલ્લા ૨૧ દિવસ :**

છેલ્લાં ૨૧ દિવસ ભાવનાત્મક રીતે ભારી પડે છે. ખાવા પીવામાં ખરાબ આદત જેમ કે ચા, કોફી વધારે પીવી, દારૂ કે સિગારેટનું સેવન જેવી આ બધી જ વસ્તુઓથી દૂર રહેવાનું હોય છે. ખરાબ મૂડ સારો કરવાં માટે પણ આ વસ્તુઓનું સેવન કરવાનું નથી. આ બધી જ વસ્તુ સ્વાસ્થ્ય માટે હાનિકારક છે. આવી રીતે થોડું ડાયટ કંટ્રોલ કરી અને થોડી કસરત કરી તમારા શરીરમાં ફરક દેખાશે. વજન ઓછું થયું હોય એટલે થોડો ઉત્સાહ પણ વધે છે અને બાકીના ૨૧ દિવસમાં દિનચર્યામાં અને આહારમાં બદલાવ આવવાથી થોડું સારૂં પણ લાગે છે.

**પહેલાં ૧ થી ૨૧ દિવસ**

દિવસની શરૂઆત પ્રોટીન યુક્ત નાસ્તાથી કરવી. જો તમે નાસ્તો નહિ કરો તો પણ તમારૂં વજન વધશે. નાસ્તામાં તમે ફળ, સલાડ અને ડ્રાય ફ્રુટસ પણ લઈ શકો છો.

રોજ સવારે ૨૦ થી ૩૦ મિનિટ ચાલવા જવું. જો સવારના ચાલવા ન જઈ શકો તો સાંજના સમયે પણ ચાલવા જઈ શકાય. સવારના કે સાંજના બન્ને ટાઈમે કરેલો વોક ફાયદાકારક જ હોય છે.

રોજ છથી સાત કલાકની ઊંઘ થવી જોઈએ. વજન ઓછું કરવા માટે પહેલાં ૨૧ દિવસ આ જ દિનચર્યા રાખવી. ધીરે ધીરે આવી દિનચર્યા તમારી આદત બની જશે.

વોક કરવાથી તો ફાયદો થાય જ છે, પરંતુ કયારેક દાદરા ચડીને જવા કે ઉતરી જાવ. તો પણ એક જાતની કસરત જ છે. આનાથી પણ તમને ચોક્કસ ફાયદો થશે.

**બીજો ભાગ ૨૧- ૪૨ દિવસ**

જો તમે નિયમિત બહારનું ખાતા હોવ તો આનાથી પણ વજન વધે છે. ઘરમાં ઓછા તેલમાં બનેલું ખાવાનું વજન ઘટાડવામાં સહાયક બને છે. પહેલા ભાગમાં અઠવાડિયામાં એક વાર અથવા ૧૫ દિવસમાં એક વાર, બહારનું ખાવાનું ખાઈ શકાય છે.

તમે ખીચડી, દાળ - ભાત, મિકસ દાળના ચીલા, સાદા ઢોંસા, પૌંઆ, ઉપમા, મીકસ વેજિટેબલ કે પનીર સલાડ જેવા ઓપશન્સ ટ્રાય કરી શકો છો.

તમે ચિટ મિલનો આનંદ લેવા માગો છો તો કેલેરીયુક્ત આહાર સવારે લેવો જેથી આખા દિવસમાં તમે આસાનીથી કેલેરી બર્ન કરી શકો.

**ત્રીજો ભાગ - ૪૩ - ૬૩ દિવસ**

જો તમે રેગ્યુલરલી ડ્રિન્ક કરતા હો તો આની માત્રા ઓછી કરવી. પહેલા અઠવાડિયામાં એક વખત, પછી ૧૫ દિવસમાં એક વખત અથવા તો ૧ મહિનામાં એક વખત જ ડ્રિન્ક લેવું.

મીઠાઈ, આઈસ્ક્રિમ અને ઘરમાં બનેલી ગળી વાનગીઓથી દૂર રહેવું. જો તમે ગળ્યું ખાવું જ હોય તો તમે મહિનામાં માત્ર એક દિવસ તમને મનપસંદ ગળ્યું ખાઈ શકો છો.

વારે ઘડીએ દૂધવાળી ચા કે કોફી પીવા કરતાં લેમન ટી, ગ્રીન ટી, બ્લેક ટીનું સેવન કરવું. જો તમને મસાલા ચા પસંદ હોય તો તે પણ દૂધ અને સાકર વગર લેવી.

આમ જો તમે આ ૨૧ - ૨૧ - ૨૧ ની ફોર્મ્યુલા બરાબર પાળશો તો અચૂક તાજા - તરવરાટભર્યા બની જશો...



# મને મારા દેશ અને ક્ષમતાઓ પર અપાર શ્રદ્ધા છે : અભિષેક બચ્ચન




ભારત હાલ એશિયા કપના કારણે અને એશિયન ગેમ્સના કારણે ખેલાડીઓ વિશે ચર્ચા કરી રહ્યું છે. આ સ્થિતિમાં અભિષેક બચ્ચનનો રમત-ગમત પ્રત્યેનો પ્રેમ તે હોકી, ફૂટબોલ સહિતની રમતોમાં કઈ રીતે જોડાયેલો છે, તે તેના ફેન્સ જાણે છે. તેણે તાજેતરના ઈન્ટરવ્યુમાં સ્પોટ્ર્સ, બિઝનેસ અને ઈનોવેશન વિશે વાત કરી હતી. અભિષેકે કહ્યું, "મને મારા દેશમાં અપાર શ્રદ્ધા છે, આપણી ક્ષમતાઓ અને સજ્જતા પર. અને મને લાગે છે કે હવે આ હદથી પણ ઉપર જતું રહ્યું છે કે, આપણે દુનિયાને બતાવી દીધું કે આપણે કેટલાં સક્ષમ છીએ." અભિષેકે સ્પોટ્ર્સ અને આન્ત્રપ્રિન્યોરશિપ વિશે પણ વાત કરી હતી, જે ભારતની ઓળખને વિશ્વ મંચ પર આકાર આપવામાં મહત્વનો ફાળો આપે છે. અભિષેક બચ્ચનની કબડ્ડી ટીમ પિંક પેન્થર્સનો એક અલગ ફેન બેઝ બની ગયો છે. તેનું આ સપનું એક સપનાથી પણ ઉપર છે, આ ઉપરાંત તેણે વેહદમ ટીઝ અને નાગિન સોસ જેવી બ્રાન્ડમાં પણ રોકાણ કર્યું છે. અભિષેકે આ અંગે અભિષેકે કહ્યું, "તે કબડ્ડી હોય, વહદન ટીઝ હોય કે નાગિન સોસ, હું મારા ઘરની ઓફિસમાંથી જે કંઈ પણ કરું છું તે મેક ઈન ઈન્ડિયાની વિચારધારા પર જ આધારીત છે. તેમાં મને પુરતો વિશ્વાસ છે."આ સાથે અભિષેક બચ્ચન ગુરુ, બોબ બિશ્વાસ, કાલિધર લાપતા, ઘૂમર અને લુડો કે દસવી જેવી ફિલ્મમાં યાદગાર અભિનય પણ કરી રહ્યો છે.



## અમેરિકા ભારતને સૌથી મોંઘું ઓઈલ વેચે છે

| દેશ | ભારતની કુલ આયાતના (%) | કિંમત ($ પ્રતિ બેરલ) |
|---|---|---|
| રશિયા | 37 | 63 |
| ઈરાક | 21 | 78 |
| સાઉદી અરબ | 15 | 83 |
| UAE | 10 | 78 |
| અમેરિકા | 7 | 83 |



## અંતરના દિવા

એક રાજાને ત્રણ પુત્રો હતા. રાજાને મૂંઝવણ હતી કે રાજગાદી કોને સાંપવી? એક દિવસ રાજાએ ત્રણેય પુત્રોને બોલાવીને કહ્યું 'હું જાત્રા કરવા જાઉં છું. પાછા ફરતાં લગભગ વર્ષ જેવું થઈ જશે. હું તમને ત્રણેને એક-એક અનામત સાચવવા આપું છું. તેને સાચવજો. હું પાછો આવું ત્યારે મને અનામત પરત આપવાની. તેમ કહી રાજાએ એક સરખી ત્રણ પોટલીઓ ત્રણે રાજકુમારને આપી અને રાજા તો જાત્રા કરવા રવાના થયા. પછી મોટા રાજકુમારે પોટલી હાથમાં લઈ તેને આમ તેમ ફેરવી જોઈ, કંઈ ખબર પડી નહીં. તેથી તેને પોટલી તિજોરીમાં મૂકી દીધી. બીજા નંબરના રાજકુમારે પોટલી ખોલી જોયું તો પોટલીમાં બીજ હતા. તેને બજારમાં જઈને વેચી દીધાં. જે પૈસા આવ્યા તે તિજોરીમાં મૂકી દીધા. પછી વિચાર્યું જયારે પિતાજી કહેશે ત્યારે બજારમાંથી નવાં બીજ લાવી આપી આપી દઈશ. સૌથી નાના રાજકુમારે પોટલી ખોલી જોયું. તેમાં પણ બીજ હતાં તેને ખેડુતને બોલાવી પૂછયું કે આ કોનાં બીજ છે. 'ખેડૂતે કહ્યું આ બીજ તો પુષ્પોનાં છે. પછી મજૂરોને બોલાવી મહેલની એક જગ્યા સાફ કરાવી. ખેતીલાયક જમીન બનાવી, ખાતર નાખી, તે બીજ વાવી દીધા. તેનું જતન કરવા માટે યોગ્ય માણસોની નિમણૂક કરી દીધી અને પોતે પણ તેમની ઉપર યોગ્ય નજર રાખતો હતો. રાજા પોતાની જાત્રા પૂરી કરી આવ્યા. બીજે દિવસે તેમણે સૌથી મોટા રાજકુમારને કહ્યું, 'લાવો મારી અમાનત.' મોટા રાજકુમારે તિજોરી ખોલી પોટલી રાજાને આપી દીધી. રાજાએ પોટલી ખોલી તો બીજ સડી ગયાં હતાં, તેથી હવે તે કોઈ કામનાં નહોતાં. બીજા રાજકુમારને બોલાવી રાજાએ કહ્યું. ત્યારે તેને કહ્યું, 'હું થોડીવારમાં આવું છું.' તેમ કહી તે બજારમાંથી નવાં બીજ ખરીદી લાવી પોટલી રાજાને પરત કરી. રાજાએ પોટલી ખોલી જોયું તો બીજ જેવાં આપ્યાં હતા તેવાં જ હતાં. પછી સૌથી નાના રાજકુમારને કહ્યુંઃ ત્યારે તેણે કહ્યુંઃ ચાલો મારી સાથે, બધા રાજકુમાર સાથે ગયા. નાના રાજકુમારે સુંદર બગીચો બતાવ્યો અને બગીચામાં સુંદર રંગબેરગી ખુશ્બૂદાર પુષ્પો હતા. આખો બગીચો ફૂલોની ખુશ્બૂથી મહેંકી રહ્યો. અનેક પક્ષીનો કલરવ થઈ રહ્યો. પતંગિયાંઓ ઊડાઊડ કરી રહ્યાં હતાં. નાના રાજકુમારે કહ્યું, 'આ છે આપની અનામત' રાજા ખુશ થઈ ગયા અને રાજગાદી આપી. જીવનમાં પણ યોગ્ય સમયે યોગ્ય નિર્ણય લેવા જોઈએ. ભવિષ્ય સફળ બનાવવા માટે યોગ્ય મેનેજમેન્ટ કરવું જોઈએ. તમે યોગ્ય મહેનત કરેલી નહીં હોય તો તમને તે ભવિષ્યમાં નુકસાનકારક બની રહેશે. યોગ્ય દિશામાં કરેલો પુરુષાર્થ હંમેશાં રંગ લાવે છે.




## પાંચમી જાગીર

### ભાજપના નેતાઓએ આ નીતી છોડવાની જરૂર

ભાજપના નેતાઓની થિયરી પ્રમાણે તો નરેન્દ્ર મોદી પણ પાકિસ્તાન તરફી કહેવાય કેમ કે ઈમરાન ખાનથી માંડીને સાજિદ તરાર સુધીના સંખ્યાબંધ પાકિસ્તાનીઓ મોદીની પ્રશંસા કરી ચૂકયા છે. પાકિસ્તાનની પ્રજા મોદીના વખાણ કરતી હોય એવા તો સંખ્યાબંધ વીડિયો ફરે છે. પાકિસ્તાનીઓ મોદીના વખાણ કરે એટલે દેશભક્તિ શંકાસ્પદ થઈ જાય ? બિલકુલ નહીં ને આ વાત રાહુલ ગાંધીને પણ લાગુ પડે જ છે. ભાજપ રાહુલ ગાંધીને જે ધોરાધોરણો લાગુ પાડે છે એ જ ધારાધોરણો લાગુ પાડવા જાય તો મોદી પણ ભારત વિરોધી થઈ જાય કેમ કે મોદી ભારતની મેથી મારવામાં કોઈ કસર નહીં છોડનારા ડોનાલ્ડ ટ્રમ્પને પોતાના મિત્ર ગણાવે છે. ટ્રમ્પે પોતે ભારતના મિત્ર નથી એ વારંવાર સાબિત કર્યું છે છતાં મોદીએ પોતાના જન્મદિને ટ્રમ્પને પોતાના મિત્ર ગણાવ્યા. તેના કારણે મોદી ભારત વિરોધી થઈ ગયા? ભાજપના નેતાઓએ થોડીક વિવેકબુદ્ધિ બતાવવાની જરૂર છે. દરેક વાતમાં હલકુ રાજકારણ રમવા ના ઊતરી પડવાનું હોય ને દેશનું આંતિરક રાજકારણ અલગ વાત છે જ્યારે બહારના લોકોની વાત આવે ત્યારે દેશ આખો એક છે એ બતાવવાનું હોય એટલી સાદી સમજ કેળવવાની જરૂર છે.

- મોહન પી. જોષી, વિદ્યાનગર.

**વાચક મિત્રો, પાંચમી જાગીરમાં તમે પણ તમારો અભિપ્રાય મોકલી શકો છો આ માટે અમારું સરનામું નીચે મુજબ છે.**

**દિવ્ય સમાચાર**
**પ્રેમ પ્રકાશન**
**શાન એવી ફોર્યુન, બી બ્લોક,**
**ચોથો માળ, એલીકોન નજીક,**
**સરદાર પટેલ રાજમાર્ગ, આણંદ.**
divyasamachar@gmail. com

# જ્ઞાનયજ્ઞ વિદ્યાલય, મોગરીમાં ક્લસ્ટર કક્ષા બાળવૈજ્ઞાનિક પ્રદર્શન યોજાયું



આણંદ, તા. ૨૫

શિક્ષણ વિભાગ, ગાંધીનગર દ્વારા વિકસિત અને આત્મનિર્ભર ભારત માટે STEM થીમ અંતર્ગત વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન, ગણિત, ઍન્જિનિયરીંગ, ટેકનોલૉજી ક્ષેત્રે નવીનતા અને સંશોધનલક્ષી માનસિકતા કેળવવવાના આશયથી વિજ્ઞાનમેળો-૨૦૨૫ ઉપલક્ષ્યે જ્ઞાનયજ્ઞ વિદ્યાલય, મોગરીની યજમાની હેઠળ પ્રજ્ઞાનતીર્થ- સર્વાંગી શિક્ષણ સંસ્થાન, જૂના મોગરી-આણંદ માર્ગ મુકામે તા. ૨૨ ના રોજ ક્લસ્ટર કક્ષા બાળવૈજ્ઞાનિક પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. જિટોડિયા ક્લસ્ટરના વડા વસંતભાઈ વાળંદના નેતૃત્વમાં અનુપમ મિશન સંચાલિત જ્ઞાનયજ્ઞ વિદ્યાલય, મોગરી ખાતે યોજિત બાળવૈજ્ઞાનિક પ્રદર્શનમાં મોટી સંખ્યામાં શાળાઓના વિદ્યાર્થી- ઓએ ભાગ લઈ અવનવા પ્રૉજેક્ટ રજૂ કર્યા, જે પૈકી જ્ઞાનયજ્ઞ વિદ્યાલય, મોગરીના ધો. ૭ના છાત્રો રાહી કેતનકુમાર રબારી અને વ્રજ તેજસભાઈ રાણાએ વિભાગ ૪(અ)માંથી પ્રસ્તુત કરેલ પ્રૉજેક્ટ “સ્માર્ટ રોડ એનર્જી સિસ્ટમ”ને વિજેતા જાહેર કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે અનુપમ મિશનના વ્રતધારી સાધુ પૂ. ભરતદાસજી, જિટોડિયા સીઆરસી વસંતભાઈ, જ્ઞાનયજ્ઞ વિદ્યાલય, મોગરીના પ્રાથમિક વિભાગનાં આચાર્યા ઊર્જાબહેન પટેલ તેમજ મા. ઉ.મા. વિભાગનાં આચાર્યા રીટાબહેન પટેલની સહભાગિ- તામાં મુખ્ય અતિથિ ઉત્પલાબહેન મહેતાએ ક્લસ્ટર કક્ષા બાળવૈજ્ઞાનિક પ્રદર્શનનો શુભારંભ દીપ પ્રગટાવી તથા રિબિન ખોલીને કરાવ્યો. યોગી વિદ્યાપીઠના કુલગુરુ સદગુરુ સાધુ પૂજ્ય ડૉ. રતિકાકાએ બાળકોના બહુવિધ વિકાસ માટે આવા કાર્યક્રમો જરૂરી ગણાવી ખૂબ આશીર્વાદ આપ્યા. જ્ઞાનયજ્ઞ વિદ્યાલય, મોગરીનાં શિક્ષિકા અલ્પાબહેન ભટ્ટે સુંદર સભાસંચાલન કર્યું.

# હલધરવાસમાં જીએસટી ઘટાડાના અનુસંધાનમાં પૂર્વ કેબીનેટ મંત્રીની મુલાકાત



આણંદ, તા. ૨૫

તા. ૨૪/૦૯/૨૦૨૫ના રોજ પૂર્વ કેબીનેટ મંત્રી અને વર્તમાન ધારાસભ્ય અર્જુનસિંહ ચૌહાણે હલધરવાસના વેપારી મહાજનોના હોદ્દેદારોની મુલાકાત લીધી હતી અને જીએસટી ઘટાડાના ફાયદાની જાણકારી આપી હતી. ગામમાં સફાઈ બાબતે વેપારીઓ અને ગ્રામજનોની રજૂઆતો સાંભળી હતી અને તલાટી તેમજ સરપંચને સ્વચ્છતા અંગે તકેદારી રાખવા જણાવ્યું હતું. સાથે સાથે હલધરવાસ યુવક મંડળ સંચાલિત સાર્વજનિક પુસ્તકાલયની મુલાકાત લીધી હતી અને પુસ્તકાલયના મકાન બનાવવા માટે યથાયોગ્ય સહકાર આપવાની વાત કરી હતી. પુસ્તકાલયનુ અવલોકન અને મૂલ્યાંકન એમના માટે ખૂબજ ઉમદા રહ્યું છે. આ પુસ્તકાલયમાં વિવિધ ઐતિહાસિક તેમજ પરીક્ષાલક્ષી પુસ્તકો જોઈને પુસ્તકાલયની સરાહના કરી હતી. આ સમયે યુવક મંડળના મંત્રી મનુભાઈ એન પરમાર, હોદ્દેદારો પ્રવિણભાઈ સુથાર, મિનેશભાઈ સોની, મનીષભાઈ સાથિયાણી તેમજ પૂર્વ જિલ્લા ઉપ પ્રમુખ દોલતસિંહ ડાભી, તાલુકા સંગઠન પ્રમુખ અજબસિંહ સહિત તાલુકા જિલ્લા કક્ષાના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા અને પૂર્વ કેબીનેટ મંત્રી અર્જુનસિંહ ચૌહાણનું હાર્દિક સ્વાગત કર્યું હતું. મંડળના હોદ્દેદારોએ પુસ્તકાલયના મકાન માટે યથાયોગ્ય દાન આપી અપાવીને તેમજ સરકારને મકાન માટે જરુરી સહાય માટે રજૂઆત કરી હતી.

# આર્યન બાલશાળા (ગુજ.મા) આણંદમાં ભારતીય જ્ઞાન સંસ્કૃતિ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું



આણંદ, તા. ૨૫

સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત આર્યન બાલશાળા (ગુજ.મા) માં શિક્ષણની સાથે સહઅભ્યાસિક પ્રવૃત્તિઓનું પણ આયોજન કરવામાં આવે છે. શાળામાં તા.૨૦/૦૯/૨૫ના રોજ ભારતીય જ્ઞાન સંસ્કૃતિની પરીક્ષા યોજવામાં આવી.જેમાં ધોરણ ૫ થી ૮ના કુલ ૨૯ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાવ લીધો. વિદ્યાર્થીઓમાં ભારતીય જ્ઞાન સંસ્કૃતિ નું સિંચન થાય અને વિદ્યાર્થીઓ ભારતની સંસ્કૃતિ વિશે સમજ કેળવે અને જીવનમાં તેને અનુસરે તે હેતુથી આ પરીક્ષાની આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્ય પ્રદિપભાઈ આઈ. પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ શાળાના શિક્ષકો દ્વારા આ કાર્યક્રમનું સફળ સંચાલન કરવામાં આવ્યું હતું. સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી-મંત્રી ડો.બી. એન. પટેલ સર, જોઈન્ટ મેનેજિંગ ટ્રસ્ટી-મંત્રી અન્વેશભાઈ બી. પટેલ, સંયુક્ત મંત્રી મૃદુલાબેન બી. પટેલે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# નવરાત્રી નિમિત્તે વલાસણ ગામના મેલડી માતાજી મંદિર ખાતે ભવ્ય ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું



આણંદ, તા. ૨૫

નવરાત્રીના ત્રીજા નોરતે વલાસણ ગામના મેલડી માતાજી મંદિર ખાતે ભવ્ય ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. પ્રયાગરાજ બાગમબરી મઠના મહંત તથા ઐતિહાસિક હનુમાન મંદિરના મહંત શ્રી ૧૦૦૮ બલવીરગીરી મહારાજ પધારી પોતાના આશીર્વચન આપ્યા.

મહારાજે પોતાના પ્રવચનમાં કહ્યું કે ધર્મ અને અધર્મ વચ્ચેનો ભેદ સમજવો અત્યંત જરૂરી છે અને જીવનમાં હંમેશા સત્ય, ન્યાય અને ધર્મના માર્ગે ચાલવું જોઈએ. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે સંગીત અને રાસ-ગરબા દ્વારા પણ ભગવાનની ભક્તિ થઈ શકે છે, કારણ કે સનાતન સંસ્કૃતિમાં ભક્તિનો કોઈ એક જ સ્વરૂપ નથી — ગીત, નૃત્ય, જપ, ધ્યાન, સેવા – બધાં જ ભક્તિના સાધન છે. મહારાજે સનાતન ધર્મની મહાનતા વિશે વાત કરતાં જણાવ્યું કે સનાતન ધર્મ માત્ર એક ધર્મ નથી, પરંતુ માનવજાતને સારા માર્ગે ચાલવા માટે માર્ગદર્શક છે. તેમણે યુવાનોને સંદેશ આપ્યો કે ભક્તિ સાથે સાથે સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવવા માટે પણ પ્રયત્ન કરવો જોઈએ.

આ પ્રસંગે આણંદના સાંસદ શ્રી મિતેશભાઈ પટેલ, ભૂતપૂર્વ જિલ્લા ભાજપ પ્રમુખ મહેશભાઈ પટેલ, કમલેશભાઈ પટેલ ધારાસભ્ય પેટલાદ, મેહુલભાઈ પટેલ સંકેત સેલ્સ આણંદ, દશરથભાઈ પટેલ તથા મેલડી માતા ટ્રસ્ટના મંડળ સભ્યો તેમજ આસપાસના ગામોના ભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમનું આયોજન સિયારામ ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવ્યું હતું. ફાઉન્ડેશનના સ્થાપક શ્રીમતી દિપાલીબેન ઈનામદાર તથા શ્રી વિશાલભાઈ ઈનામદારએ જણાવ્યું કે આવા ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા યુવા પેઢી સુધી ભારતીય સંસ્કૃતિના મૂલ્યો પહોંચાડવાનો સતત પ્રયાસ રહેશે.

કાર્યક્રમનું સફળ સંચાલન સિયારામ ફાઉન્ડેશનના સેવકો અને ગામના યુવાનો દ્વારા કરવામાં આવ્યું હતું.

# પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર શીલી ખાતે સ્વસ્થ નારી સશકત પરિવાર અભિયાન અંતર્ગત આરોગ્ય કેમ્પ યોજાયો



આણંદ, તા. ૨૫

તા.૨૪ ના રોજ પ્રા.આ.કેન્દ્ર શીલી ખાતે મેડિકલ ઓફિસરના અધ્યક્ષ સ્થાને સ્વસ્થ નારી સશકત પરિવાર પ્રોગ્રામ અંતર્ગત આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. જેમાં પ્રા.આ.કેન્દ્ર શીલીના મેડીકલ ઓફિસર ડૉ. કુમારદિપ ગોહીલ તથા વેદ હોસ્પિટલ ઉમરેઠના ડૉ.રીક્રેશ મોદી ધ્વારા તમામ મહિલાઓની તપાસ કરવામાં આવી. તેમજ તમામ મહિલાઓનું બીપી, ડાયાબિટીસ, કેન્સર, એચ.બી તથા અન્ય બીમારીઓનું સ્ક્રિનિંગ કરવામાં આવ્યું, બીન ચેપી રોગોની તપાસ સગર્ભા મહિલાઓને જરૂરી સલાહ સુચન બાળકોનું રસીકરણ તેમજ આયુષ્યમાન કાર્ડ કઢાવવા સલાહ આપવામાં આવેલ. પોષણયુક્ત આહાર અને વ્યસનથી દૂર રહેવા માટે આરોગ્ય શિક્ષણ આપવામાં આવ્યું.

સમગ્ર કાર્યકમનું આયોજન તાલુકા હેલ્થ ઓફિસર ડૉ દર્શિત પટેલ સાહેબ અને પ્રા.આ.કેન્દ્ર શીલીના મેડીકલ ઓફિસર ડૉ કુમારદિપ ગોહીલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું.

# વડાપ્રધાનના જન્મદિવસ નિમિત્તે આંગણવાડીના બાળકોને બાલ-આહાર કીટનું વિતરણ કરાયું



આણંદ, તા. ૨૫

આણંદ શહેર વોડ નંબર ૩ માં આવેલ રોયલ પ્લાઝા પાસે નગર પ્રાથમિક શાળા નં - ૨૫ ખાતે આપણા યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીજી નાં ૭૫માં જન્મદિવસની ઉજવણીના ભાગરૂપે બાળકોના સર્વાંગી વિકાસ માટે "બાલ-આહાર કીટ" નું વિતરણ કર્યુ આ શુભ પ્રસંગે આણંદ શહેર મહામંત્રી રાજેશભાઈ પઢિયાર, વોર્ડ નાં પૂર્વ કાઉન્સિલર કરિશ્માબેન વ્હોરા, આણંદ શહેર ઉપપ્રમુખ ધમુભાઈ રાસધારી, પ્રભાતભાઈ પ્રજાપતિ, લધુમતી મોર્ચાના કાર્યાલય મંત્રી ફારુકભાઈ, વિશાલભાઈ પરમાર (મંત્રી), શક્તિ કેન્દ્ર સંયોજક સાજીદભાઈ વ્હોરા, શાળાનાં આચાર્ય, શિક્ષકો તથા આંગળવાડીની બહેનો મોટી સંખ્યામાં હાજર રહ્યા.

# દિલ્હીમાં આણંદ જિલ્લાના શિક્ષકને ‘બાલ સાથી સન્માનથી’ સન્માનિત કરવામાં આવ્યા



આણંદ, તા. ૨૫

ગુજરાત શૈક્ષણિક સંસ્કૃતિક મંચ દ્વારા સંગોષ્ઠી-૮ દિલ્હી માં બાલવાર્તા અભિયાન અંતર્ગત પ્રવૃત્તિ શીલ શિક્ષકો ને ‘બાલસાથી સન્માનથી’ સન્માનિત કરવામાં આવ્યા.

તેમાં ‘રાજનીતિકી પાઠશાલા’ના સંસ્થાપક ડૉ અજય પાંડેના હસ્તે મુખ્ય કુમાર શાળા સારસા આણંદ તાલુકાના શિક્ષક ડૉ. કિરીટભાઈ ડી. ચૌહાણને સન્માનિત કરવામાં આવ્યા. સંયોજક તખુભાઈ સાંડસૂર તથા સહસંયોજક શામજીભાઈ દેસાઈ તથા ઉપસ્થિત શિક્ષકોની હાજરીમાં સન્માનિત કરવામાં આવ્યા હતા.

# ક્રિશ્ચિયન કોલેજ ઓફ એજ્યુકેશન- આણંદનું ગૌરવ



આણંદ, તા. ૨૫

સરદાર પટેલ યુનિવર્સીટી, વલ્લભ વિદ્યાનગર દ્વારા આંતર કોલેજ યુવા મહોત્સવ- ૨૦૨૫ નું આયોજન કરવામાં આવ્યું જેમાં અમારી કોલેજના તાલીમાર્થી જેક્શન ગનાવા અને દીપ ચૌધરી (ઓન ધ સ્પોર્ટ પેન્ટિંગ અને પોસ્ટર મેકિંગ), ધર્મેશ પરમાર અને બિપિન રોહિત (ડીબેટ અને ઈલોક્યુશન), મિત્તલ ભોઇ, ધર્મેશ પરમાર અને મિલિન્દ પરમાર (ક્વીઝ) તથા ટીના નવસાલિયા, મિત્તલ ભોઇ, સંજનાકુંવરબા મહિડા, એષા પારેખ, મિલિન્દ પરમાર અને દિપક પરમાર (ગ્રુપ સોંગ) ઉપરાંત હર્ષિતા ચૌહાણ(રંગોળી) જેવી અલગ-અલગ સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ઠ દેખાવ કરવા બદલ ભાગ લીધેલ સૌ તાલીમાર્થીમિત્રોને સંસ્થા પરિવાર ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે. આપ ઉત્તરોત્તર પ્રગતિના પંથે આગળ વધતાં રહો તેવી અભ્યર્થના સહ ખૂબ ખૂબ અભિનંદન.

# સત કૈવલ કોલેજ ઓફ ફાર્મસી- સારસામાં ડિવાઇન સનાતન ગરબોત્સવનું આયોજન કરાયું



આણંદ, તા. ૨૫

પ. પૂ. જગદગુરુ અવિચલદેવાચાર્ય મહારાજ પ્રેરિત સત કૈવલ કોલેજ ઓફ ફાર્મસી, સારસા ખાતે તારીખ ૨૪/૦૯/૨૦૨૫, બુધવારના રોજ એક અદ્ભુત “ડિવાઈન સનાતન ગરબોત્સવઃ સંસ્કૃતિ અને શ્રદ્ધાનો સંગમ” નું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કોલેજના વિદ્યાર્થીઓ, સ્ટાફ અને આમંત્રિત મહેમાનોએ ભક્તિ અને ઉત્સાહ સાથે ભાગ લીધો હતો. આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે આણંદના કિરણભાઈ સોલંકી, આલોકી પટેલ, ગોવિંદભાઈ તુલસાની, રાજેશ્રીબેન મકવાણા અને જયદીપભાઈ ચાવડા ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત ભવ્ય અંબે માની આરતી અને સ્તુતિ સાથે કરવામાં આવી હતી, જેમાં સૌએ ભક્તિભાવપૂર્વક ભાગ લીધો હતો. કોલેજના ડાયરેક્ટર મહેન્દ્ર દુબેએ અતિથિઓનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું અને આ અદ્ભુત આયોજનમાં અથાક મહેનત કરનાર સ્વયંસેવક વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, આવા સાંસ્કૃતિક કાર્યક્રમો માત્ર મનોરંજન પૂરતા સીમિત નથી, પરંતુ તે વિદ્યાર્થીઓમાં આપણી સનાતન સંસ્કૃતિના મૂલ્યોનું સિંચન કરે છે અને ભાઈચારો તેમજ એકતાની ભાવનાને દઢ બનાવે છે. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ ફૂડ સ્ટોલ અને આકર્ષક સેલ્ફી પોઈન્ટ્સનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જે ગરબાની સાથે સાથે મનોરંજનનું કેન્દ્ર બન્યા હતા. વિદ્યાર્થીઓ પારંપરિક પોશાકોમાં સજી-ધજીને ખૂબ જ ઉત્સાહ અને આનંદ સાથે ગરબે ઘૂમ્યા હતા, જેનાથી સમગ્ર વાતાવરણ ભક્તિ અને ઉલ્લાસથી ભરાઈ ગયું હતું. કોલેજ દ્વારા વિદ્યાર્થીઓની સલામતીને પ્રાથમિકતા આપીને સ્થાનિક પોલીસ બંદોબસ્તની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ ઉપરાંત, દૂરથી આવતા વિદ્યાર્થીઓ માટે રાત્રે પરત ફરવા માટે ટ્રાન્સપોર્ટની પણ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.

સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન કોલેજના ડાયરેક્ટર મહેન્દ્ર દુબેના કુશળ માર્ગદર્શન હેઠળ થયું હતું. આ પ્રસંગે કોલેજના તમામ પ્રોફેસરો, નોન-ટીચિંગ સ્ટાફ અને વિદ્યાર્થીઓનો સહયોગ પ્રશંસનીય રહ્યો હતો. આ કાર્યક્રમ વિદ્યાર્થીઓ માટે એક યાદગાર અનુભવ બની રહ્યો હતો.

# ૧૦ માં રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ-૨૦૨૫ ની આયુર્વેદ શાખા, જિલ્લા પંચાયત-આણંદ દ્વારા થયેલ ભવ્ય ઉજવણી




આણંદ, તા. ૨૫

જિલ્લા પંચાયત-આણંદ દ્વારા સમગ્ર જિલ્લામાં તાલુકા સ્તરે અને ગ્રામ્ય સ્તરે દસમા રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ ૨૦૨૫ની ભવ્ય ઉજવણી કરવામાં આવી. આપણાં યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા ભારત સરકાર ખાતે અલગ આયુષ મંત્રાલય બનાવી રાષ્ટ્રીય દિવસ ઉજવવાની શરૂઆત કરવામાં આવી હતી.આયુર્વેદ એ જૂનામાં જૂની ભારતીય ચિકિત્સાપદ્ધતિ ઉપરાંત જીવન જીવવાની પૂર્ણ પદ્ધતિ છે.માનનીય વડાપ્રધાનના મત અનુસાર સંતુલિત આહાર,દિનચર્યા અને પ્રાકૃતિક સંસાધનોનો ઉપયુક્ત ઉપયોગ કરીને આપણી પોતાની સ્વાસ્થ્ય રક્ષા સાથે-સાથે ધરતીમાંની પણ સ્વાસ્થ્ય રક્ષા કરી શકાય છે.

રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ, તારીખ ૨૩મી સપ્ટેમ્બરના રોજ ઉજવવાનો નિર્ણય કેન્દ્ર સરકાર દ્વારા લેવામાં આવ્યો છે.આ માટે ૨૩મી માર્ચ ૨૦૨૫ના રોજ આ અંગે સત્તાવાર ગેઝેટમાં પ્રસિધ્ધ કરવામાં આવ્યુ છે. અગાઉ આયુર્વેદ દિવસની ધનતેરસના દિવસે ઉજવણી કરવામાં આવતી હતી. ધનતેરસ ચંદ્ર અને હિન્દુ પંચાગ અનુસાર વર્ષવાર બદલાતો તહેવાર છે.જેની તિથી દર વર્ષે બદલાતી હોય છે.આથી તેની ઉજવણીની તારીખમાં પણ ફેરફાર થતો હોય છે. પરંતુ કેન્દ્ર સરકારે આયુર્વેદ દિવસની ઉજવણી માટે તા.૨૩મી સપ્ટેમ્બર નકકી કરી છે.આ દિવસ નકકી કરવા પાછળનો હેતુ એ છે કે, તા.૨૩મી સપ્ટેમ્બર શરદ સમતોલ દિવસ (autumnal equinox) છે. આ દિવસે રાત અને દિવસ લગભગ સમાન હોય છે.આ મિલન અને સંતુલનનુ પ્રતિક છે. જે આયુર્વેદિત દ્રષ્ટિકોણનું મુખ્ય તત્વ છે.

સમગ્ર જિલ્લામાં આણંદ,ખંભાત,પેટલાદ અને બોરસદ વગેરે તાલુકાઓમાં વિવિધ કેમ્પનું આયોજન કરવામાં આવેલ,તેમજ અલગ-અલગ ગ્રામ્ય સ્તરના સરકારી આયુર્વેદ દવાખાનાઓમાં પણ કેમ્પનું આયોજન કરવામાં આવેલ.સમગ્ર જિલ્લાના તમામ કેમ્પોમાં કુલ ૨૮૦૦ થી પણ વધુ દર્દીઓએ કેમ્પનો લાભ લીધો હતો.

# સ્પેક એન્જીનીયરીંગ બાકરોલમાં એઆઈસીટીઈ વાણી પ્રાયોજિત નેશનલ કોન્ફેરન્સ યોજાશે

આણંદ, તા. ૨૫

તિરૂપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસ (સ્પેક) સ્થિત સરદાર પટેલ કૉલેજ ઓફ એન્જીનીયરીંગ એન્ડ ટેક્નોલોજી, બાકરોલમાં એઆઈસીટીઈ વાણી પ્રાયોજિત “નેશનલ કોન્ફરન્સ ઓન એપ્લિકેશન ઓફ એઆઈ ફોર સસ્ટેનેબલ ડેવલોપમેન્ટ્સ ઈન એન્જીનીયરીંગ એન્ડ ટેક્નોલોજી” તારીખ ૩ અને ૪ ઓક્ટોબરે યોજવામાં આવશે. આ કોન્ફરન્સ અનુસ્નાતક વિદ્યાર્થીઓ, શિક્ષકગણ, ઈનોવેટર્સ, ઉદ્યોગ વ્યાવસાયિકો અને સંશોધકો માટે યોજવામાં આવી છે. આ કોન્ફરન્સનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ અને શિક્ષકોમાં ભારતીય પ્રાદેશિક ભાષાઓને વધુ અસરકારક બનાવવા તેમજ નવીન ટેક્નોલોજી વિષે જાણકારી આપવાનો છે. આ કોન્ફરન્સ કૉલેજના આચાર્ય ડૉ. નાનક પમનાણી, આઈ.ક્યુ.એ.સી. કૉ—ઓર્ડીનેટર મિ. જય પટેલ અને કોન્ફરન્સ કૉઓર્ડીનેટર ડૉ. ઋત્વિજ જોશી તેમજ કો-કૉઓર્ડીનેટર મિસ. વિસુધા દત્તાણી અને મી. સ્મિત અંજણાના માર્ગદર્શન હેઠળ યોજાશે. આ કોન્ફરન્સમાં વિવિધ પ્રતિષ્ઠિત સંસ્થાઓના પ્રખ્યાત નિષ્ણાતો દ્વારા એક્સપર્ટ સેશન થશે. આ ઉપરાંત વિવિધ વિષય ઉપર રિસર્ચ પેપર પબ્લિશ થશે.

# દિવાળીના તહેવાર દરમ્યાન ખંભાત તથા તારાપુર તાલુકામાં દારૂખાનું વેચવા હંગામી પરવાના મેળવવા તા. ૨૬ સપ્ટેમ્બર સુધી અરજી કરી શકાશે

આણંદ, તા. ૨૫

ખંભાતના સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટની એક અખબારી યાદીમાં જણાવ્યા પ્રમાણે આગામી દિવાળીના તહેવારોને ધ્યાને લઈ ખંભાત અને તારાપુર તાલુકામાં દિવાળીના તહેવાર નિમિત્તે છુટક દારૂખાનું વેચવા ઈચ્છતા હોય તેવા લોકોને છુટક દારૂખાનું વેંચવા માટેનો હંગામી પરવાનો મેળવવા માટે નિયત નમૂનામાં દસ્તાવેજી પુરાવાઓ સાથે ચાર નકલમાં તા. ૨૬ સપ્ટેમ્બર ૨૦૨૫ સુધીમાં ખંભાત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટની કચેરીને અરજી કરવાની રહેશે.

દિવાળીના તહેવાર દરમિયાન ફટાકડાના હંગામી સંગ્રહ વેચાણના લાયસન્સ મેળવવા માટે નિયત નમૂનાની અરજી પર રૂપિયા ૩/- ની કોર્ટ ફી સ્ટેમ્પ, "૦૦૭૦" બીજી વહીવટી સેવાઓ (OAS) સદરે રૂપિયા ૩૦૦/- જમા કર્યા અંગેનું અસલ ચલણ તથા "0070-OAS" સદરે રૂપિયા ૬૦૦/- એમ કુલ રૂપિયા ૯૦૦/- ચલણ દ્વારા જમા કરાવી રાખવાનું રહેશે. વધુ જાણકારી માટે સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ કચેરી ખંભાતનો સંપર્ક સાધવા જણાવવામાં આવ્યું છે. આ ઉપરાંત હંગામી ફટાકડા લાઈસન્સ ધારકે નામદાર સુપ્રીમ કોર્ટ સમક્ષની પિટિશનમાં થયેલ તા. ૨૩-૧૦-૨૦૧૮ ના આદેશમાં ફટાકડાના સંબંધમાં આપવામાં આવેલ તમામ માર્ગદર્શક સૂચનાઓનું પાલન કરવાનું રહેશે, તેમ પણ વધુમાં સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ ખંભાત દ્વારા જણાવવામાં આવ્યું છે.

# આણંદમાં "ધીંગા મસ્તી"દ્વારા આયોજિત "થનગનાટ બાલ નવરાત્રી" માં નાના ભૂલકાઓની ભીડ ઉમટી







માં જગદંબાની આરાધનાના પર્વ નવલી નવરાત્રીનો પર્વ ચાલી રહ્યો છે અને સમગ્ર જન સૃષ્ટિ માતાજીની આરાધનામાં લીન થઈ જવા પામી છે.ત્યારે તેમાં નાના ભૂલકાઓ પણ કેમ પાછળ રહે ?આણંદમાં હર્બીન્ગર્સ "ધીંગામસ્તી"એકેડમીના હાર્દિક બ્રહ્મભટ્ટ દ્વારા આણંદમાં સૌ પ્રથમ વખત ખાસ બાળકો માટેની "બાળ નવરાત્રી"નો શુભારંભ કરવામાં આવ્યો હતો.જેનો ભવ્ય પ્રતિસાદ મળતાં છેલ્લ ૧૧ વર્ષથી "બાળ નવરાત્રી"આણંદમાં ધૂમ મચાવી રહી છે.ત્યારે હાલમાં ૧૧ માં વર્ષે "ધીંગા મસ્તી"દ્વારા આયોજિત "થનગનાટ બાલ નવરાત્રી" નું આયોજન કરવામાં આવ્યું છે.જેમાં નવરાત્રીના પ્રથમ દિવસથી જ નાના બાળ ખેલૈયાઓની ભીડ ઉમટી પડતા આયોજકોમાં પણ આનંદનો માહોલ છવાયો છે.માત્ર ગરબા જ નહીં સાથે સાથે બાળકોને ભરપૂર મનોરંજન સાથે પ્રોત્સાહિત કરવા માટે વિવિધ પ્રકારની સ્પર્ધાઓ સાથે આકર્ષક ઈનામો પણ આપવામાં આવતાં નાના ભૂલકાઓ સહિત તેમના પરિવારજનોમાં પણ ભારે ઉત્સાહ ઉમટી પડ્યો છે.અને "થનગનાટ બાલ નવરાત્રી" માં નાના ભૂલકાઓની ભીડ ઉમટી રહી છે.ત્યારે આ બાબતે "ધીંગા મસ્તી" આર્ટ એકેડમીના સંચાલક અને "થનગનાટ બાલ નવરાત્રી"ના આયોજક હાર્દિક બ્રહ્મભટ્ટ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે આ માત્ર ગરબા નથી પરંતુ પ્રેમ ભક્તિ અને એકતાનો ઉત્સવ છે અને બાળકોમાં પ્રેમ ભક્તિ અને એકતા સાથે ધાર્મિક સંસ્કારનું સિંચન થાય તેનો ઉત્સવ છે.જે તમામ બાળકો અને તેમના પરિવારજનો તેમજ સમગ્ર ઉત્સવના આયોજકોના સહકારથી આ ઉત્સવ ભવ્ય અને સફળ બન્યો છે. (તસ્વીર - સુરેશ ઠાકુર,આણંદ)

## કઠલાલ મણીનગરની વૃદ્ધા સંબંધીને ત્યાં જતા જ તસ્કરોએ તાળું તોડી રૂા. ૯૩ હજારની ચોરી કરી

નડિયાદ, તા. ૨૫

કઠલાલ ગામના મણીનગર ન્યુ ક્રિશ્ચિયન ફળિયામાં રહેતી એક વૃદ્ધ મહિલા તા. ૧૮ થી ૨૧ ના રોજ સામાજિક કામે અમદાવાદ ગયા હતા. તે તકનો લાભ લઈ તસ્કરોએ તેમના મકાનનું તાળું તોડી ઘરમાં પ્રવેશકરી તીજોરી તોડી હતી અને અંદરનો સામાન વેરવિખેર કરી રોકડા રુા. ૭૫ હજાર અને દાગીના મળી કુલ રૂ. ૯૩૦૦૦ ની મત્તા ચોરી કરી છુ થઈ ગયા હતા. જે અંગે ગઈકાલે તેમણે ફરિયાદ નોંધાવી હતી.

મુળ અમદાવાદના અને હાલ કઠલાલ મણીનગર ન્યુ ક્રિશ્ચિયન ફળિયામાં શારદા-બેન સુરેન્દ્રભાઈ ક્રિશ્ચિયન ઉ.વ. ૬૬ રહે છે અને અમદાવાદ શહેરના વાડજ ખાતે આવેલી પોસ્ટ ઓફિસમાં રીકરીંગ એજન્ટ તરીકે કામ કરે છે. તા. ૧૮ ના રોજ તેઓ સવારે સાત વાગે અમદાવાદના ખોખરા વિસ્તારમાં સામાજિક કામે ગયા હતા. તા. ૨૧ ના રોજ તેઓ પોતાના નણંદના ઘરે ખોખરા ખાતે હાજર હતા ત્યારે પાડોશી સંજયભાઈએ તેમને ફોન કરીને કહ્યું હતું તમારા ઘરનો નકુચો તુટેલો છે. એટલે તેમણે તાત્કાલિક ભાનેર ગામે પરણાવેલી પોતાની દિકરી સ્ટેફીને જાણ કરી. એટલે તેઓ પોતાના પતિ સાથે માતાના ઘરે ગયા. થોડી વારમાં જ શારદાબેન પણ આવી પહોંચ્યા. તેમણે જોયું તો તસ્કરોએ તેમના ઘરના મુખ્ય દરવાજાની લોખંડની ઝારીની નકુચો તોડી નાખ્યા હતો અને ઘરમાં પ્રવેશી તમામ સરસામાન વેરવિખેર કરી નાંખ્યો હતો. તેમણે જોયું તો તીજોરીનું લોકર પણ તુટેલું હતું. તસ્કરો અંદરથી સોનાનું દોઢ તોલાનું લક્કી, સોનાની અડધા તોલાની વીટી, સોનાનો સવા તોલાનો દોરો અને રોકડા ૭૫ હજાર મળી તસ્કરો તેમના ઘરેથી રુા. ૯૩ હજારની મત્તા ચોરી કરીને છુ થઈ ગયા હતા. આ અંગે તેમણે ગઈકાલે રાત્રે કઠલાલ પોલીસ મથકે પોતાની ફરિયાદ નોંધાવી હતી.

## ભાટેરા સ્ટેન્ડ પાસે ડમ્પર પાછળ રીક્ષા અથડાતા એકનું મોત, એક ઘાયલ

નડિયાદ, તા. ૨૫

કપડવંજ તાલુકાના જગડુપુર ગામે રહેતા એક પ્રૌઢ ગઈકાલે સાંજે રીક્ષા લઈ ભાટેરા સ્ટેન્ડ પાસેથી પસાર થઈ રહ્યા હતા. ત્યારે ડમ્પર પાછળ રીક્ષા અથડાઈ પડી હતી. જેથી તેમનું મોત થયું હતું અને અન્ય એક વ્યક્તિ ઘાયલ થઈ હતી.

ડગડુપુર ગામે રાજાભાઈ સોમાભાઈ ડાભી પોતાના પરિવાર સાથે રહેતા હતા. ગઈકાલે સાંજના સમયે તેઓ રીક્ષા નં. જી.જે. ૭ એ.ટી. ૯૯૦૪ લઈ કપડવંજથી નડિયાદ જવા નીકળ્યા હતા. તેઓ કઠલાલ તાલુકાના ભાટેરા ગામના નડિયાદ જવાના રોડ ઉપર આવેલ સ્ટેન્ડ પાસે પહોંચ્યા ત્યારે ડમ્પર નં. જી.જે. ૮ એ.યુ. ૧૯૭૦ પાછળ રીક્ષા ધડાકાભેર અથડાઈ પડી હતી. જેના કારણે રીક્ષાનો લોચો થઈ ગયો હતો અને રાજાભાઈ ડાભી ગંભીર રીતે ઘાયલ થયા હતા. તેમને માથામાં અને ડાબા પગે ઈજાઓ થઈ હતી. જેના કારણે તેમનું સ્થળ પર જ મોત થયું હતું. તેમની રીક્ષામાં અન્ય એક વ્યક્તિ પણ હતો. જેઓ ઘાયલ થતા તેમને પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે અમદાવાદ સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા. આ બનાવ અંગે રાજાભાઈના ભત્રીજા મહોબતસિંહ મનુભાઈ ડાભીની ફરિયાદના આધારે કઠલાલ પોલીસે ગુનો દાખલ કર્યો હતો.

## ડાકોરમાંથી જુગાર લખતા પકડાયો

નડિયાદ, તા. ૨૫

ડાકોરના એએસઆઈ અર્જુનસિંહ અને સ્ટાફ ગઈકાલે સાંજે પેટ્રોલીંગમાં નીકળ્યા હતા. તેઓ વડાબજાર દલાપુરાના નાકા પાસે પહોંચ્યા ત્યારે બાકડા ઉપર બેસી સીરાજમીયા બચુમીયા સૈયદ વરલી મટકાના આંકડા લખતા હતા. જેથી પોલીસે તેમની ધરપકડ કરી તેમની પાસેથી રોકડા રુા. ૩૩૦ અને આંકડા લખેલી ચીઠ્ઠીઓ કબ્જે લીધી હતી અને તેમના વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો.

## સ. પ. યુનિ.ના ગણિત વિભાગ દ્વારા પ્રોફે. એ. આર. રાવની ૧૧૭મી જન્મજયંતિ નિમિત્તે બે શૈક્ષણિક કાર્યક્રમો યોજાયા

આણંદ, તા. ૨૫



રવિવાર, ૨૧ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ એમ.એસસી. ગણિતના વિદ્યાર્થીઓ માટે મોડેલ મેકિંગ અને વિઝ્યુલાઈઝેશન ઓફ મેથેમેટિક્સ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું. આ વર્કશોપમાં શ્રી વિરલ મિસ્ત્રી અને પ્રોફે. હેમાબેન વસાવડાએ માર્ગદર્શન આપ્યું. તેમણે વિવિધ મોડલ દ્વારા ગણિતને સરળ અને રસપ્રદ રીતે કેવી રીતે સમજાવી શકાય તે અંગે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું.

ત્યારબાદ મંગળવાર, ૨૩ સપ્ટેમ્બર ૨૦૨૫, જે પ્રોફે. એ. આર. રાવનો જન્મદિવસ છે, એ દિવસે બપોરે ૩:૩૦ થી સાંજના ૬:૩૦ વાગ્યા સુધી પ્રોફે. એ. આર. રાવ ગણિત ક્વિઝ સ્પર્ધા યોજાઈ. કુલ ૧૨ ટીમોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સ્પર્ધાના અંતે વિજેતા ટીમોને પ્રથમ અને દ્વિતીય પુરસ્કારો અપાયા.

આ કાર્યક્રમ દરમિયાન પ્રોફે. હેમાબેન વસાવડાએ પોતાના જીવનકાળમાં બનાવેલા અનેક ગણિત મોડલ્સ ગણિત વિભાગને ભેટ આપ્યા. તેમણે જીવનભર ગણિત શિક્ષણને સરળ અને સમજણસભર બનાવવા માટે કાર્ય કર્યું છે. વિભાગે આ મોડલ્સને આભારી સ્વીકાર્યા અને ભવિષ્યમાં શિક્ષણ તથા શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં તેનો ઉપયોગ કરવાની ખાતરી આપી.

કાર્યક્રમમાં ડૉ. ભાઈલાલભાઈ પટેલ (રજિસ્ટ્રાર, સરદાર પટેલ યુનિવર્સિટી), પ્રોફે. એમ. એચ. વસાવડા, પ્રોફે. એ. એચ. હસમણી (વડા, ગણિત વિભાગ) તથા અન્ય પ્રોફેસરશ્રીઓ અને વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં કમ્યુનિટી સાયન્સ સેન્ટર, વલ્લભ વિદ્યાનગર તથા ગુજરાત ગણિત મંડળ નો સહયોગ રહ્યો હતો. ગણિત વિભાગે આવી પ્રવૃત્તિઓ આગળ વધારવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી.

## આરબીઆઇના બેન્કિંગ લોકપાલ દ્વારા નાવલી ગામ ખાતે એક દિવસીય શિબિર યોજાઈ

આણંદ, તા. ૨૫



રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના બેંકિંગ લોકપાલ વિભાગ દ્વારા આણંદ તાલુકાના નાવલી ગામ ખાતે એક દિવસીય શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

આરબીઆઈ દ્વારા બેંક સંબંધિત લોકપાલની નિમણૂક કરવામાં આવે છે. આ આરબીઆઈના લોકપાલ લોકોને બેક્કિંગ સંબંધી જાણકારી આપે છે અને લોકોના કોઈ પ્રશ્ન હોય તો સાંભળે છે. બેક્કિંગ લોકપાલ સંસ્કૃતિ ગંગવાલે બેંકો વિરુદ્ધ કોઈપણ વ્યક્તિએ ફરિયાદ કરવી હોય તો ક્યા કરી શકાય?કેવી રીતે કરી શકાય અને તે બાબતની શું ગાઈડલાઈન છે આ ઉપરાંત સાયબર ફ્રોડ થી કેવી રીતે બચી શકાય ? તેની જાગૃતિ લાવવા માટે આણંદ તાલુકાના નાવલી ગામ ખાતે એક દિવસીય શિબિર યોજી હતી.

આ શિબિરમાં અમદાવાદના એમડીએમ સ્નિઘા, આણંદના લીડ બેંક મેનેજર ડૉ. જગદીશ પાટિલએ ફાઈનાન્સિયલ ઈન્સ્ટિટયૂટ વિશે ની જાણકારી આપી હતી. આ પ્રસંગે બેક્કિંગ લોકપાલ દ્વારા મહિલાઓમાં ખાસ બેક્કિંગ યોજનાઓ અને કાર્યવાહી અંગે જાગૃતિ લાવવા માટે સાહિત્યનું વિતરણ કરવામાં આવ્યું હતું.

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના એમડીએમ મતી બીના ત્રિવેદી એ પ્રાસંગિક જાણકારી આપી હતી. આ એક દિવસીય શિબિરમાં આણંદ જિલ્લામાં સ્વ-સહાય જૂથ સાથે સંકળાયેલ બહેનો ઉપરાંત ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## નડિયાદ અભયમની ટીમે 30 વર્ષના લગ્નજીવનને બચાવ્યું : પતિના આડાસંબંધ મામલે કાઉન્સેલિંગથી સમાધાન, પરિવાર એકજૂટ થયો

નડીઆદ, તા. ૨૫

ઠાસરાની એક મહિલાએ પોતાના પતિના આડાસંબંધોથી પરેશાન થઈને નડિયાદ મહિલા અભયમ હેલ્પલાઈ-નનો સંપર્ક કર્યો હતો. પીડિતાએ જણાવ્યું કે, તેના પતિને અન્ય મહિલા સાથે અફેર હોવાના કારણે ઘરમાં કલેશ થતો હતો. અભયમની ટીમ તરત જ ઘટનાસ્થળે પહોંચી હતી.

કાઉન્સેલિંગ દરમિયાન જાણવા મળ્યું કે, પતિને બીજી મહિલા સાથે દોઢ વર્ષથી સંબંધ હતો. પીડિતાને આ વાત લોકોની વાતચીત દ્વારા જાણવા મળી હતી. પતિ તે મહિલાને પોતાની ગાડીમાં બેસાડીને લઈ જતા અને કામ પર મૂકીને જતા રહેતા. એક વખત પીડિતાએ બંનેને પકડ્યા હતા, પરંતુ તેઓ ભાગી ગયા હતા.

પતિ સ્પષ્ટપણે કહેતો હતો કે, તેઓ છૂટાછેડા આપવા માગે છે અને અન્ય મહિલા સાથે રહેવા માગે છે. અભયમની ટીમે પતિને 30 વર્ષના લગ્નજીવન અને સંતાનોના ભવિષ્ય વિશે વિચારવા સમજાવ્યા. ટીમે સમજાવ્યું કે, આ પરિસ્થિતિની સંતાનો પર શું અસર થશે અને સમાજમાં કેવી પ્રતિક્રિયા આવશે.

કાઉન્સેલિંગના પરિણામે પતિએ અન્ય મહિલા સાથે સંબંધ તોડવાની ખાતરી આપી. બંને પક્ષોની સંમતિથી સમાધાન થયું અને પરિવાર ફરી એકજૂટ થયો. આ રીતે અભયમની ટીમે એક પરિવારને વિખરતો બચાવ્યો.



# બોરસદ ખાતે માઇક્રોફાઇનાન્સ ઇન્ડસ્ટ્રી નેટવર્ક અંતર્ગત જાગૃતિ કાર્યક્રમ યોજાયો



આણંદ, તા. ૨૫

રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા દ્વારા માન્યતા પ્રાપ્ત NBFC-MFI માટે રાષ્ટ્રીય નિયમનકારી સંસ્થા માઇક્રો ફાઇનાન્સ ઇન્ડસ્ટ્રી નેટવર્ક દ્વારા બોરસદ ખાતેની પટેલ જે.બી. રૂદેલવાલા કલા, પટેલ એ.એમ.રૂદેલવાલા વાણીજ્ય અને પટેલ જે.ડી.કે. દાવોલવાલા કોલેજ ઓફ સાયન્સ ખાતે માઇક્રોફાઇનાન્સ ઇન્ડસ્ટ્રી નેટવર્ક (MFIN) હેઠળ એક જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય લોકોને નાણાકીય બાબતોની વધુ સારી સમજ પૂરી પાડવાનો છે, જેમાં બચત યોજનાઓ અને રોકાણ વિકલ્પો વિશે, લોન લેવા અને ચૂકવવા અંગે માર્ગદર્શન, વિવિધ સરકારી વીમા યોજનાઓ વિશે માહિતી તથા નાણાકીય છેતરપિંડી ટાળવા માટે જરૂરી સાવચેતીઓ અંગે માર્ગદર્શન પૂરું પાડવાનો હતો. RSETI ના નિયામક અલખ નિરંજન વર્માએ અર્થતંત્રમાં માઇક્રોફાઇનાન્સની ભૂમિકા વિશે જણાવી ગ્રામીણ વિસ્તારોમાં જ્યાં બેંક પહોંચી નથી, અને MFI જે ઘરઆંગણે સેવાઓ પૂરી પાડી રહી છે તેના પર પણ પ્રકાશ પાડ્યો હતો, તેમણે લખપતિ દીદી યોજના, PMJJY, PMJSY, વગેરે પર ભાર મૂક્યો અને ૨૦૪૭ માં ભારતના વિકાસમાં MFI ની વિશેષ ભૂમિકા હશે તેમ જણાવ્યું હતું. MFIN ના પ્રતિનિધિ શ્રી દેવ શાહાપુરકરે સમજાવ્યું કે આ નાણાકીય સાક્ષરતા કાર્યક્રમ સમાજના નીચલા સ્તરના અને દૂરના વિસ્તારોમાં રહેતા લોકોને નાણાકીય સેવાઓ સાથે જોડવાનો અને નાણાકીય વ્યવહારો, રોકાણો, વીમા અને છેતરપિંડી નિવારણ વિશે જાગૃતિ લાવવાનો પ્રયાસ છે. બેંક ઓફ બરોડા આણંદ જિલ્લાના લીડ બેંક મેનેજર જગદીશ પાટીલએ બજેટ અને ખર્ચનું યોગ્ય આયોજન કરવાની ભલામણ કરી લોન વાસ્તવિક જરૂરિયાત અને ચુકવણી ક્ષમતા પર આધારિત હોવી જોઈએ તેમ જણાવી તેમણે ભાર મૂક્યો કે RBI-માન્ય સંસ્થાઓ, MFI, RBI સૂચનાઓ અને માર્ગદર્શિકાનું પાલન કરી રહી છે. દેવાદારોએ લોન માફી અંગે કોઈપણ ગેરસમજનો શિકાર ન બનવું જોઈએ અને ગેરમાર્ગે દોરવું જોઈએ નહીં, અન્યથા તે તેમના ક્રેડિટ સ્કોરને અસર કરશે, જેનાથી તેઓ ઈઈ માટે ભવિષ્યમાં લોન મેળવવા માટે અયોગ્ય બનશે તેમ જણાવ્યું હતું. નાબાર્ડના જિલ્લા પ્રબંધક રાહુલ જેજુલકરએ માહિતી આપી કે NABARD માઇક્રોફાઇનાન્સમાં અગ્રેસર છે, જે નાણાકીય સમાવેશના રાષ્ટ્રીય કાર્યસૂચિ માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. શરૂઆતમાં બેંકો માટે દૂરના વિસ્તારોમાં વંચિત લોકો સુધી પહોંચવું અશક્ય હોવાથી, MFI એ NABARD અને SIDBI ની મદદથી PSL હેઠળ દેશના ગ્રામીણ વિસ્તારોમાં માઇક્રોફાઇનાન્સની પહોંચ વધારવાનું શરૂ કર્યું હતું તેમ જણાવ્યું હતું.

આણંદની સાયબર ક્રાઇમ બ્રાન્ચના પોલીસ સબ ઇન્સ્પેક્ટર હિતેશ જી ચૌધરીએ લોન લેનારાઓને નિયમિત ચુકવણી કરવા અને છેતરપિંડી ન થાય તે જોવા જણાવ્યું હતું. કોઈપણ સમસ્યાના કિસ્સામાં, તેઓએ જરૂરી સહાય માટે MFIનો સંપર્ક કરવો જોઈએ અથવા NBFC-MFI માટે MFIN ના ટોલ ફ્રી નંબર - ૧૮૦૦૧૦૨૧૦૮૦ પર સંપર્ક કરવો જોઈએ. વધતી જતી છેતરપિંડીને ધ્યાનમાં રાખીને નાણાકીય છેતરપિંડીથી કેવી રીતે બચવું, ભ્રામક ઝુંબેશો (લોન માફીની અફવાઓ) અંગે સાવધાની રાખવી જોઈએ, સહભાગીઓને મોબાઇલ ફોનના દુરુપયોગ, KYC વિગતો શેર કરવા વગેરે વિશે ચેતવણી આપવી જોઈએ અને આ ઘટનાઓની તાત્કાલિક કાયદા અમલીકરણ એજન્સીઓને જાણ કરવી જોઈએ તેમ વધુમાં તેમણે જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં મહિલાઓ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો અને નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ચીખોદરા ગામેથી ટ્રેક્ટરની ચોરી

આણંદ, તા. ૨૫

આણંદ તાલુકાના ચીખોદરા ગામે ભેસાલ તલાવડી વિસ્તારમાં ઘર નજીક પાર્ક કરેલું દાંતી સાથેનુ રૂ ૧.૭૫ લાખની કિંમતનું ટ્રેક્ટર કોઈ ચોર શખ્સ ચોરી કરી લઈ ગયાની ફરિયાદ આણંદ રૂરલ પોલીસ મથકમાં નોંધાઈ છે.

આણંદ તાલુકાના ચીખોદરા ગામે ભેસાલ તલાવડી વિસ્તારમાં ૪૮ વર્ષીય દિનેશભાઈ અંબાલાલ વાઘેલા પોતાના પરિવાર સાથે રહે છે. અને ખેતી કરી જીવન ગુજરાન ચલાવે છે. દિનેશભાઈ વાઘેલાએ પોતાના ખેતી કામ માટે ટ્રેક્ટર વસાવ્યું હતું.

જે સ્વરાજ ટ્રેક્ટર નંબર જીજે-૨૩-સીજી-૯૮૪૩ લોખંડની ખેડવાની દાંતી સાથે પોતાના ઘર નજીક પાર્ક કર્યું હતું. ત્યારે કોઈ ચોર શખ્સો રૂ ૧.૭૫ લાખની કિંમતનું ટ્રેક્ટર અને દાંતી ચોરી કરી લઈ ગયા હતા. આ બનાવ અંગે દિનેશભાઈ અંબાલાલ વાઘેલાની ફરિયાદ લઈ આણંદ રૂરલ પોલીસે ચોરીનો ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# આણંદ ખાતે મેક ઇન ઇન્ડિયાની સાંસદ મિતેશભાઇ પટેલની હાજરીમાં ઉજવણી

આણંદ, તા. ૨૫

ભારત સરકાર દ્વારા "મેક ઈન ઈન્ડિયા પ્રોજેક્ટ" ની શરૂઆત કરવામાં આવેલ હતી તેને તારીખ ૨૫ સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ ૧૧ વર્ષ પૂર્ણ થયેલ છે. તેના ખ્યાલ પરથી આણંદ ખાતે "વોકલ ટુ લોકલ" ને અપનાવી પ્લાસ્ટિકની થેલી નો ઉપયોગ ટાળીને કાપડની થેલીઓના ઉપયોગ કરવા પર કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં પ્રોજેક્ટ હેડ તરીકે સ્પીપા ટ્રેઈની અંકિતકુમાર લલિતભાઈ ચાવડા, તેમજ સામાજિક આગેવાન પટેલ દિપક તથા સાગર પટેલે ભૂમિકા ભજવી હતી. કાર્યક્રમની શરૂઆત ગુજરાત સરકાર સર્કિટ હાઉસ આણંદ ખાતે સાંસદ શ્રી મિતેશભાઈ પટેલના હસ્તે કરવામાં આવી હતી. તેમાં આણંદની માતા બહેનો દ્વારા પોતાના હાથે કાપડની થેલીઓ બનાવીને સાંસદ શ્રી સમક્ષ રજૂ કરવામાં આવી હતી તથા આણંદમાં અલગ અલગ સ્થળો પર કાપડની થેલીઓનું વિનામૂલ્યે





વિતરણ કરવામાં આવ્યું હતું. કાપડની થેલી બનાવવા માટે ડિઝાઈન એક્સપર્ટ તરીકે ચૌહાણ પારૂલબેન મોહનભાઈ, ચૌહાણ વૈષ્ણવી, ચૌહાણ નિશા, પટેલ બેલાબેન વગેરે એ ભૂમિકા ભજવી હતી. વિતરણ દરમિયાન સામાજિક કાર્યકરો ચૌહાણ દક્ષાબેન, ચૌહાણ જ્યોતિબેન, વાઘેલા ભારતીબેન, ચાવડા ખ્યાતીબેન, મોહિત સોની, આદિત્ય ઘોઘરે વગેરે હાજર રહ્યા હતા. સાંસદ મિતેશભાઈ પટેલે અંકિતકુમાર ચાવડા તેમજ ટીમને સફળ કાર્યક્રમ કરવા બદલ યોગ્ય માર્ગદર્શન આપી અભિનંદન પાઠવ્યા હતા.

# કઠલાલ, લસુન્દ્રા અને બલોલ પાસેથી દારૂ પી બાઈક ચલાવતા ત્રણ પકડાયા

નડિયાદ, તા. ૨૫

કઠલાલના એએસઆઈ નીશાંતભાઈ અને સ્ટાફ ગઈકાલે સાંજે પેટ્રોલીંગમાં નીકળ્યાહતા. તેઓ ગામના ઓવરબ્રીજ નીચે ગયા ત્યારે ભાનેર તરફથી લક્ષ્મણભાઈ રમેશભાઈ તળપદા રહે. જુની મુવાડી તાબે ભાનેર બાઈક નં. જી.જે. ૭ એફ.સી. ૪૫૮૩ લઈને આવી રહ્યો હતો. તેણે દારુ પીધેલો હતો. જેથી પોલીસે તેના વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો. પોલીસ ત્યાંથી પોણા આઠ વાગે લાડવેલ પહોંચી ત્યારે લસુન્દ્રા ગેટ નજીકથી વિષ્ણુભાઈ લાલાભાઈ રાઠોડ ઉ.વ. ૨૫ રહે. લક્ષ્મણપુરા ઈન્દિરાનગરી દારુ પીધેલી હાલતમાં બાઈક નં. જી.જે. ૭ સી.કે. ૯૦૧૧ લઈને આવતા મળી આવ્યા હતા. જેથી પોલીસે તેમના વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો.

મહુધાના એએસઆઈ અને સ્ટાફ ગઈકાલે સાંજે પેટ્રોલીંગમાં નીકળ્યા હતા. તેઓ બલોલ પાટીયા પાસે પહોંચ્યા ત્યારે વિનોદભાઈ કાનજીભાઈ રોહિત રહે. બલોલ બાઈક ઉપર દારુ પીધેલી હાલતમાં આવી રહ્યા હતા. જેથી પોલીસે તેની ધરપકડ કરી હતી.

# રૂપપુરાના શિવાપુરામાં ખેતરના માર્ગ બાબતે યુવાનના માથામાં દંડો માર્યો

નડિયાદ, તા. ૨૫

મહુધા તાલુકાના રૂપપુરા ગામના શિવાપુરામાં મંગળવારે સાંજે ખેતરમાં જવા આવવાના માર્ગ બાબતે ઝઘડો કરી એક શખ્સે યુવાનના માથામાં દંડો મારી ઘાયલ કરી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી હતી.

રુપપુરાના શિવાપુરામાં પ્રહલાદભાઈ છોટાભાઈ પરમાર ઉ.વ. ૩૫ રહે છે અને ખેતી કરે છે. તેમની તથા તેમના ભાઈઓની ગામની સીમમાં સર્વે નં. ૧૪૯ વાળી જમીન આવેલી છે. તેમની જમીનમાં આવવા જવાના રસ્તા બાબતે રુપપુરા ગામની સર્વે નં. ૧૨૭ ના જમીનના માલિક જુગાભાઈ મંગળભાઈ ચૌહાણ રહે. બલોલ લાટ સાથે તકરારી દાવો ચાલી રહ્યો છે. ગત તા. ૨૩ ના રોજ તકરારી દાવો મહુધા મામલતદાર કચેરી ખાતે ચાલવાનો હોય નીરિક્ષણ માટે સરકારી કર્મચારી આવ્યા હતા. તે વખતે વીનુભાઈ લક્ષ્મણભાઈ પરમાર તેમની પાસે આવ્યા હતા અને કહેવા લાગ્યા તમારો રસ્તો અહીં નથી તમે કેમ ખોટી અરજી આપી તેમ કહી ઝઘડો કર્યો. અને પછી લાકડાનો દંડો લઈ આવી તેમના માથામાં મારી દીધો હતો. એટલે અન્ય લોકોએ વચ્ચે પડી તેમને બચાવ્યા હતા. ત્યારે વીનુ તેમને ધમકી આપી ચાલ્યો ગયો હતો.

# નડિયાદ ટી.પી. ૨માં સોસાયટીના કોમન પ્લોટમાં ગેરકાયદેસર બાંધકામ બાબતે પાલિકાનું ભેદી મૌન

નડિયાદ, તા.૨૫

નડિયાદ મહાનગરપાલિકા હદ વિસ્તારમાં ટી.પી.૨માં આવેલી એક સોસાયટીના કોમન પ્લોટમાં રાજકીય ઈસમો અને તેમના મળતીયા બિલ્ડરો દ્વારા ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવી રહ્યુ છે. અગાઉ આ મામલે રહીશોએ મહાનગરપાલિકા અને કલેક્ટર સુધી ફરીયાદો કરી છે, છતાં આ મામલે મનપા કમિશ્નર પોતે અજાણ હોવાનું જણાવી રહ્યા છે.

મહાનગરપાલિકાના કમિશ્નર જી. એચ. સોલંકીને ટીપી ૨માં સર્વે નં.૨૪૧, ૨૪૨ અને ૨૭૧ના સીટ નંબર ૨૩ વાળી જગ્યામાં રહીશોના વિરોધ છતાં બિલ્ડરોએ ગેરકાયદેસર બાંધકામ શરૂ કર્યાના મામલે પૂછતા કમિશ્નરે જણાવ્યુ હતુ કે, "આવી કોઈ બાબત મારા ધ્યાનમાં નથી." જો કે, સમગ્ર મામલે હવે પ્રશ્ન એ ઉઠે છે કે, શહેરના મુખ્ય પોશ વિસ્તાર પૈકીના સરદાર બ્રિજથા છેડેથી પીપલગ તરફના મુખ્ય માર્ગની બિલકુલ બાજુમાં આ ગેરકાયદેસર બાંધકામ ચાલુ છે અને આ મામલે કાજલબેન દેવેન્દ્રભાઈ પટેલ દ્વારા મહાનગરપાલિકાના કમિશ્નરને સંબોધીને ૧૭/૦૭//૨૦૨૫ના રોજ ૮ મુદ્દા ટાંકી અને ૩ પાનામાં પોતાની રજૂઆત કરી અને ન્યાય માંગ્યો છે. આ ફરીયાદ સોસાયટીના રહીશો દ્વારા છેક કલેક્ટર અને મનપાના વહીવટદાર સમક્ષ પણ રજૂ કરાઈ છે. ઉપરાંત મુખ્યમંત્રીનો રહેણાંક સોસાયટીમાં કોમર્સિયલ પ્રવૃતિ સામે કડક કાર્યવાહીના આદેશની વિગતો પણ ટાંકી છે. બીજીતરફ બિલ્ડરો સાથે રાજકીય વ્યક્તિ પણ સંકળાયેલો હોવાના કારણે રહીશો પણ ભયભીત છે. તેવા સંજોગોમાં કમિશ્નરને સંબોધીને આપવામાં આવેલી ફરીયાદ અંગે કમિશ્નર પોતે અજાણ હોવાનું સ્પષ્ટ પણે જણાવ્યુ છે. ત્યારે મહાનગરપાલિકા દ્વારા જાણે બિલ્ડરોને ગેરકાયદેસર પ્રવૃતિઓ અને બાંધકામો માટે છૂટો દૌર આપ્યો હોય, તેવી સ્થિતિ સર્જાઈ છે. આ સમગ્ર મામલે સોસાયટીના રહીશો દ્વારા રાજ્ય સરકારના તમામ નીતિ-નિયમો પણ રજૂ કરાયા છે, જેનુ ઉલ્લંઘન કરી બાંધકામ શરૂ કરવામાં આવ્યુ હોવા છતાં કાર્યવાહી ન થતાં હવે અનેક તર્ક-વિતર્ક શરૂ થઈ ગયા છે.

# કઠલાલમાં પોલીસ મથકે અરજી આપવા ગયેલ વ્યક્તિની રીક્ષામાંથી બેટરીની ચોરી

નડિયાદ, તા. ૨૫

ખલાલના એક પ્રૌઢ ગઈકાલે બપોરે કઠલાલ પોલીસ મથકે અરજી આપવા ગયા હતા. તેમણે પોતાની રીક્ષા કોર્ટ પાસે ઉભી રાખી હતી. આ દરમિયાન કોઈ ચોરી તેમની રીક્ષાની બેટરી કિં.રુા. ૫૫૦૦ કાઢી લીધી હતી અને છુ થઈ ગયો હતો. આ અંગે ગઈકાલે સાંજે પોલીસ મથકે ફરિયાદ દાખલ થઈ છે.

કઠલાલ તાલુકાના ખલાલ ગામના પીવલીવાલા ફળિયામાં શનાભાઈ બબાભાઈ રાઠોડ ઉ.વ. ૫૨ રહે છે અને રીક્ષા ચલાવે ગુજરાન કરે છે. ગઈકાલે બપોરે બે વાગે તેઓ પોતાની રીક્ષા નં. જી.જે. ૭ એ.ટી. ૬૨૦૭ માં મિત્ર કાળુસિંહ અમરસિંહ ડાભીને બેસાડી કઠલાલ આવ્યા હતા. તેમણે પોતાની રીક્ષા કોર્ટ આગળ પાર્ક કરી હતી. અને પછી તેઓ પોલીસ મથકે અરજી આપવા ગયા હતા. તેમણે અરજી આપી અને પાછા ફળ્યા. તેઓ રીક્ષામાં આવ્યા અને ચાલુ કરવા લાગ્યા પરંતુ રીક્ષા ચાલુ થતી નહોતી. એટલે તેમણે સેલ માર્યો. ત્યાર પછી તેમણે ચેક કર્યું તો બેટરી કોઈ કાઢી ગયું હતું. એટલે તેમણે પોલીસ મથકે સીસીટીવી કેમેરા ચેક કરાવ્યા. જેમાં એક શખ્સ જેણે લાલ કલરનું ટીશર્ટ અને કાળું પેન્ટ પહેર્યું હતું. તેણે રીક્ષામાંથી બેટરી કાઢી હતી અને લાલ કલરના એક્ટીવા ઉપર મુકી છુ થઈ ગયો હતો. પોલીસે તરત જ શનાભાઈની ફરિયાદના આધારે અજાણ્યા બેટરી ચોર વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો.

# ખેડા જિલ્લામાં "સ્વચ્છતા હી સેવા" અંતર્ગત વિવિધ બ્લોકોમાં યોજાયેલા શ્રમદાન કાર્યક્રમો

(તસ્વીર - ચિરાગ પટેલ, નડિયાદ)





આણંદ, તા. ૨૫

ખેડા જિલ્લામાં "સ્વચ્છતા હી સેવા" અભિયાન અંતર્ગત જિલ્લામાંના તમામ બ્લોક સ્તરે શ્રમદાન કાર્યક્રમોનું સફળ આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમોના મુખ્ય ઉદ્દેશો સ્વચ્છતા અંગે લોકોમાં જાગૃતિ ફેલાવવી, સહભાગીતાવાળું માહોલ ઊભું કરવું અને ગામ સ્તરે તલસ્પર્શી શ્રમદાન દ્વારા સફાઈ અને વ્યવસ્થાનું નિર્માણ કરવું રહ્યા છે. ખેડા જિલ્લાની વિવિધ તાલુકા પંચાયતોના પ્રમુખશ્રીઓ તથા માનનીય ધારાસભ્યોના માર્ગદર્શન અને નેતૃત્વ હેઠળ આ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું. દરેક બ્લોક માટે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા નોડલ અધિકારીની નિમણૂંક કરવામાં આવી હતી. વિશિષ્ટ વિસ્તારો અને નેતૃત્વ મુજબના કાર્યક્રમોની વાત કરીએ તો, કપડવંજના ઘડિયા ગામમાં કાર્યક્રમનું નેતૃત્વ શ્રી જે.કે. પરમાર (પ્રમુખ, કપડવંજ તાલુકા પંચાયત) અને નોડલ અધિકારી તરીકે શ્રી આર.ડી. પટેલ (જિલ્લા કૃષિ અધિકારી)એ કર્યું. ઠાસરા તાલુકાના નેસ ગામમાં યોગેન્દ્રસિંહ પરમાર (ધારાસભ્ય) અને શ્રીમતી ચંપનાબેન ડાભીના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમ યોજાયો અને નોડલ અધિકારી તરીકે શ્રી પરેશ વાઘેલાની નિમણૂંક કરવામાં આવી. મહુધાના અલીણા ગામમાં શ્રીમતી દક્ષાબેન દરબાર (પ્રમુખ, મહુધા તાલુકા પંચાયત)ના નેતૃત્વમાં અને ડો. વી.એસ. ધ્રુવે નોડલ અધિકારી તરીકે હાજર રહ્યા. માતર તાલુકાના લીંબાસી ગામમાં શ્રી કલ્પેશભાઈ પરમાર (ધારાસભ્ય) અને શ્રી અમિતભાઈ મકવાણાના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમ યોજાયો, જેમાં નોડલ અધિકારી તરીકે ડો. એ.એ. પઠાણ જોડાયા. મહેમદાવાદના કછાઈ ગામમાં શ્રી અર્જુનસિંહ ચૌહાણ (ધારાસભ્ય) અને શ્રી વિનોદભાઈ ડાભીના નેતૃત્વ હેઠળ, શ્રીમતી મનીષાબેન બારોટ નોડલ અધિકારી તરીકે કાર્યરત રહ્યા.

નડિયાદના આખડોલ ગામમાં શ્રીમતી સોનલબેન સોલંકી અને નોડલ અધિકારી તરીકે શ્રી અમિતભાઈ પરમાર હાજર રહ્યા. ગળતેશ્વરના માલવણ ગામમાં શ્રી જયંતિભાઈ પરમારના નેતૃત્વ હેઠળ અને શ્રી જગદીશભાઈ પટેલ નોડલ અધિકારી તરીકે હાજર રહ્યા. કઠલાલના છિપીયાલ ગામમાં શ્રી અમરસિંહ રાઠોડ અને શ્રી દિપક માનત (જિલ્લા પશુચિકિત્સા અધિકારી) નોડલ તરીકે જોડાયા. ખેડાના વાવડી-ડામરી ગામમાં શ્રીમતી પ્રેમીલાબેન ચૌહાણ અને નોડલ અધિકારી તરીકે શ્રી વીરાબેન પ્રજાપતિની ઉપસ્થિતિ રહી. અંતે, વસોના વસો ગામમાં શ્રીમતી રિંકાબેન પટેલના નેતૃત્વ હેઠળ કાર્યક્રમ યોજાયો જેમાં શ્રી ધર્મેશ હળપતિ નોડલ અધિકારી તરીકે જોડાયા. દરેક સ્થળે અધિકારીઓ, પંચાયત પ્રતિનિધિઓ તથા સ્થાનિક ગ્રામજનોની ઉપસ્થિતિમાં શ્રમદાન કાર્ય થકી ગામોની સફાઈ કરવામાં આવી. આ પ્રસંગે તમામ મહાનુભાવોએ સ્વચ્છતા પ્રતિજ્ઞા લીધી અને "એક દિન, એક ઘંટા, એક સ્વચ્છતા-શ્રમદાન દિવસ" કાર્યક્રમની ઉજવણી દ્વારા પંડિત દિનદયાળ ઉપાધ્યાયને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી. આ કાર્યક્રમો દ્વારા માત્ર શારીરિક શ્રમદાન જ નહીં, પરંતુ ગામો સુધી સ્વચ્છતા સંદેશ પહોંચાડવામાં સફળતા મળી. જિલ્લા વહીવટીતંત્ર, પંચાયત વિભાગ અને લોકોના સહકારથી આવા કાર્યક્રમો લોકજાગૃતિ અને સામૂહિક જવાબદારીનું ઉત્તમ ઉદાહરણ બન્યા છે.

### બોરસદના કાલુ ગામમાં....

(અનુ. પાન ૩નું ચાલું....)

સરકારની તિજોરી પર ધાપ મારી હતી.જોકે જે તે વખતે ગામના જાગૃત નાગરિક દ્વારા ૩૦-૧૦-૨૦૨૩ ના રોજ જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામકને પુરાવા સહિત લેખિત ફરિયાદ કરવામાં આવી હતી.જેના અનુસંધાનમાં નિયામક દ્વારા જવાબદારો સામે કાનૂની કાર્યવાહી કરવા બોરસદ તાલુકા વિકાસ અધિકારીને અધિકૃત કરીને લેખિત સૂચના આપવામાં આવી હતી.જેને લઇ તા.૦૨-૦૧-૨૦૨૫ નારોજ પ્રાથમિક તપાસ તથા તા.૨૪-૦૪-૨૦૨૫ નારોજ તાલિકા વિકાસ અધિકારી દ્વારા વિરસદ પોલીસ મથકે એફ આર આઈ નોંધાવવામાં આવી હતી.પરંતુ ત્યારબાદ આજદિન સુધી વિરસદ પોલીસ દ્વારા જવાબદાર હોદ્દેદારો સામે કોઈપણ પ્રકારની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી નથી.ત્યારે આ મામલે જીલ્લા કલેકટરને લેખિત આવેદનપત્ર આપી સત્તાનો દુરુપયોગ કરી પંચાયતના જવાબદારો દ્વારા નાણાની ઉચાપત કરવામાં આવી છે જેની સામે કાયદેસરની કાર્યવાહી કરી તેમાની સામે કાનૂની ગુનો નોંધી તેમની ધરપકડ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી.

# તારાપુરમાં દુકાન સામે કચરો નાંખવા બાબતે ક્રોસ ફરિયાદ

આણંદ, તા.૨૫

તારાપુર તાલુકાના કાનાવાડા ગામે હનુમાનજી ફળીયામાં રહેતા પ્રવીણભાઈ અમરસંગભાઈ ચાવડાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યા મુજબ તારાપુર પંચાલ ફળીયામાં રહેતા નારાયણભાઈ ઘનશ્યામભાઈ ઠક્કરને દુકાન આગળ પડેલા કચરા બાબતે કહેતા નારાયણભાઈએ પ્રવીણભાઈને ગાળો બોલી લાફા મારી પાવડાથી હાથમાં ઈજાઓ પહોંચાડી જાનથી મારી નાંખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાવતા પોલીસે નારાયણભાઈ ઘનશ્યામભાઈ ઠક્કર વિરુદ્ધ ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.


## ટચુકડી જાહેરખબર

સેલ...સેલ...સેલ...સેલ...
તારીખ : ૧૬/૯/૨૦૨૫ થી
તારીખ : ૧/૧૦/૨૦૨૫ સુધી
રૂા.૫૧૦૦/- માં
૩ શર્ટ + ૩ પેન્ટ કાપડ સિલાઈ સાથે
રેમન્ડ, સીયારામ તથા અન્ય બ્રાન્ડ મીલના
Radhe
Selection & Tailor
G-10, Rangoli Complex,
B/h. Poineer High School,
Bhalej Road, Anand - 388 001.
Mo. 99252 92743

ડ્રાઈવર જોઈએ છે
યુરોપ ( આર્મેનિયા ) માટે ડ્રાઈવરની તાત્કાલિક જરૂર છે. તેમજ વેરહાઉસના જોબ માટે યુવકો જોઈએ છે.
Mo. 81560 82213

માં દશામાં જ્યોતિષ
લવપ્રોબલેમ, પ્રેમલગ્ન, સંતાન મુક્તિ, શત્રુનાશ, એકતરફી પ્રેમ, પતિપત્નીના અણબનાવ, છુટા છેડા, વિદેશ યોગ, ધારેલી વ્યક્તિનું મિલન, સાસુવહુનો ત્રાસ, મેલીવસ્તુ, ફસાયેલા નાણાં, દારૂ છોડાવવા માટે મળો.
Mo. 93130 82650

નવરાત્રી અંબાજી
ખેડબ્રહ્મા દર્શન
તારીખ ૨૭/૯ અને તારીખ ૨૯/૯ રાત્રે ૧૧ કલાકે દિવસ ૧ ટિકિટ ૭૦૦/- ફક્ત ભાડું (૧) અંબાજી (૨) ગબ્બર
(૩) કોટેશ્વરમહાદેવ
(૪) કામાક્ષીમંદિર
(૫) ખેડબ્રહ્મા દર્શન કરીને પરત
રાજુ રાણા આંકલાવ વાળા
મો. ૯૯૨૫૯ ૨૧૬૦૦
૯૩૭૭૧ ૨૧૬૦૦


### પુત્રવધુએ ઘરેથી

(અનુ.પાન ૮ નું ચાલુ...)

બાંધી ગળે ફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી. દરમિયાન આજે સવારે આસપાસનાં લોકોએ તેમના મૃતદેહને લટકતો જોયો હતો. જેને પગલે ભારે હોહા થઈ ગઈ હતી. તરત જ લોકો દોડી આવ્યાં હતાં અને તેમના પરિવારને જાણ કરી હતી. તથા પોલીસને પણ જણાવ્યું હતું. જેથી શહેર પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ હતી.

### પેટલાદ કોલેજમાં

(અનુ.પાન ૩ નું ચાલુ...)

બી.એસસી.સેમ-૩ અને તૃતીય ક્રમે તળપદા અંજલિ એમ..એ.સેમ-૩ વિજેતાં થયાં હતાં. બેસ્ટ એક્શન ભાઈઓમાં પ્રથમ ક્રમે મકવાણા નિરવ એમ.એ. સેમ-૧, દ્વિતીય ક્રમે બારોટ સુખદેવ બી.એસસી.સેમ-૧. આરતી સુશોભન સ્પર્ધામાં પ્રથમ ક્રમે દિપાલી પરમાર, દ્વિતીય ક્રમે સાક્ષી પરમાર અને તૃતીય ક્રમે વણઝારા વર્ષા વિજેતાં થયાં હતાં. વિજેતાઓને આચાર્ય ડૉ.વિમલ જોષી અને અધ્યાપકોના હસ્તે ઈનામ એનાયત કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં. નિર્ણાયક તરીકે શ્રીમતી સ્મિતા સોની અને શ્રીમતી અમીતા શાહે સેવાઓ આપી હતી.

ગરબા મહોત્સવના સફળ આયોજનમાં સમગ્ર સ્ટાફ તેમજ આર.કે.પરીખ વિદ્યાર્થી ટીમે ખૂબ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમને સફળ બનાવવામાં કોલેજના સમગ્ર સ્ટાફનો સહકાર મળ્યો હતો.

### નડીઆદ મનપા

(અનુ.પાન ૮ નું ચાલુ...)

તથા ફાયર સેફ્ટીના મહત્વને ધ્યાને રાખીને અધ્યતન નવા સાધનો પણ વસાવવામાં આવ્યા છે.

નડિયાદ શહેરને પર્યટન ફ્રેન્ડલી બનાવવા શહેરના મુખ્ય સ્થળોને કનેક્ટ કરતો હેરિટેજ પાથ તૈયાર કરવામાં આવશે. સાથે જ શહેરમાં ૨ વાવનું પણ રીનોવેશન કરવામાં આવશે. શહેરમાં જુદી જુદી જગ્યાએ જરૂરિયાત મુજબ ગટર કામગીરી, દબાણ, સફાઈ, પાર્કિંગ અને શિફ્ટિંગના કામો પણ હાથ ધરવામાં આવ્યા છે. નગરજનોમાં રમતગમતને પ્રોત્સાહન આપવાના હેતુસર બાસ્કેટ બોલ, વોલીબોલ અને બોક્સ ક્રિકેટની સુવિધા આપવાનું આયોજન છે.

કમિશનરશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે મહાનગરપાલિકા હેઠળ કામ કરતા આઉટસોર્સિંગ કર્મચારીઓને નિયમિત પગાર આપવામાં આવી રહ્યો છે. સફાઈ કર્મચારીઓના પ્રશ્નો બાબતે સરકારશ્રીના માર્ગદર્શન મુજબ અમલ કરવામાં આવશે.

આ પ્રસંગે ઉપસ્થિત પત્રકારશ્રીઓએ શિક્ષણ, ગેરકાયદેસર દબાણ, ખોરાક તપાસ, ટાઉન પ્લાનિંગ, ગંદકી, ગટરલાઈન જેવા મહત્વપૂર્ણ પ્રશ્નો રજૂ કર્યા હતા. જે બાબતે કમિશનરશ્રીએ આ રજૂઆત ધ્યાને લઈ સમસ્યાઓના ઉકેલની દિશામાં કામગીરી કરવા ખાતરી આપી હતી. અને સૌ મીડિયા જગતને મહાનગરપાલિકાના વિકાસના વિઝનને જન જન સુધી પહોંચાડવા અનુરોધ કર્યો હતો. આ અવસરે મ્યુનિસિપલ કોર્પોરેશન ડેપ્યુટી કમિશનર શ્રી મહેન્દ્ર દેસાઈ, શ્રી રુદ્રેશ હુદડ અને જિલ્લાના પત્રકારશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ફોન : (૦૨૬૯૨) ૨૯૯૪૯૯
ફેક્સ : (૦૨૬૯૨) ૨૯૯૪૯૯

# દિવ્ય સમાચાર

Prem Prakashan
Sense and Sensible

email : divyasamachar@gmail.com.
www. divyasamacharnews.com

માલિક : મુદ્રક- પ્રકાશક : દશરથભાઇ ડી. પ્રજાપતિ

મુદ્રણ : પ્રેમ પ્રકાશન, શાન એવી ફોર્ચુન ,બી બ્લોક ,ચોથો માળ ,એલીકોન નજીક ,સરદાર પટેલ રાજમાર્ગ ,આણંદ. પ્રકાશન : પ્રેમ પ્રકાશન, શાન એવી ફોર્ચુન ,બી બ્લોક ,ચોથો માળ ,એલીકોન નજીક ,સરદાર પટેલ રાજમાર્ગ ,આણંદ.

શુક્રવાર 26.09.2025

## "ઝીણા ઝીણા રે ઉડા ગુલાલ માઈ તેરી ચુનરિયા લહેરાઈ"..આણંદની "શાન નવરાત્રીમાં ગરબાનો માહોલ જામ્યો










વિદ્યાનગર કરમસદ રોસ પર પંચાલ છાત્રાલય મેદાનમાં "ભગતસિંહ ઓલ ઈન્ડિયા યુથ કાઉન્સિલ"તથા "શાન મોલ" દ્વારા આયોજિત ગરબા મહોત્સવ "શાન નવરાત્રી"માં ગરબાનો માહોલ જામી રહ્યો છે. ગરબા ગાયક રીકુ પટેલ અને જય પટેલના સુરોના સથવારે ખેલૈયાઓ ભારે ઉત્સાહ અને ઉમંગ સાથે ગરબે ઘૂમવાનો આનંદ માણી રહ્યા છે.આ મહોત્સવમાં વિશેષ મહાનુભાવો પણ ઉપસ્થિત રહીને ગરબા જોવા અને રમવાનો આનંદ માણી રહ્યા છે.આ પ્રસંગે વિનાયકા પરિવાર,સરદાર પટેલ યુનિવર્સિટીના સ્પુટા અને સ્પુઆટાના અધ્યાપકો તેમજ પ્રિન્સિપાલ,ડોક્ટર જીજ્ઞેશભાઈ તેમજ તમામ આમંત્રિત મહેમાનો દ્વારા માતાજીની આરતીનો લાભ લીધો હતો. (તસ્વીર - સુરેશ ઠાકુર,આણંદ )

## પુત્રવધુએ ઘરેથી કાઢી મુકતા આણંદના વૃદ્ધે ગળે ફાંસો ખાધો



આણંદ, તા.૨૫

આણંદ શહેરમાં બનેલા એક અત્યંત દુઃખદ બનાવમાં પુત્રવધુએ કાઢી મુકતા ૬૬ વર્ષીય વૃદ્ધે તુલસી ગરનાળા પાસે આવેલા બંધ ગેરેજમાં ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી દીધી હતી. આજે આ ઘટના બહાર આવતા જ સમગ્ર વિસ્તારમાં સન્નાટો ફેલાઈ ગયો હતો. આ ઘટનાએ લોકોને હલબલાવી મુક્યા છે.

અમારા સુત્રોના જણાવ્યા અનુસાર આણંદ શહેરના તુલસી ગરનાળા રોડ પર આવેલ આકાશવાડીમાં પ્રવિણભાઈ ડાહ્યાભાઈ મેકવાન ઉ.વ.૬૬ રહેતા હતા. તેમને છેલ્લા કેટલાક દિવસોથી પુત્રવધુએ ઘરમાંથી કાઢી મુક્યા હતા. જેથી તેઓ તુલસી ગરનાળા રોડ પર આવેલ બંધ એન.કે ગેરેજમાં રહેતાં હતાં. બુધવાર રાત્રિના બાર વાગ્યા બાદ કોઈ પણ સમયે પ્રવિણભાઈએ હતાશામાં આવી જઈ ગેરેજનાં પતરાનાં શેડની એંગલ સાથે દોરડુ

(અનુ. પાન નં. ૭ ઉપર)

## કરમસદ આણંદ મહાનગરપાલિકા દ્વારા વિદ્યાનગર ખાતેથી લોકોને અડચણરૂપ થતી પાંચ લારીઓ જપ્ત કરાઈ





આણંદ, તા. ૨૫

કરમસદ આણંદ મહાનગરપાલિકાના ટાઉન પ્લાનિંગ, એસ્ટેટ વિભાગ અને હેલ્થ વિભાગ દ્વારા તહેવારો ને ધ્યાને લઈને રસ્તાઓ ઉપર ટ્રાફિકના સર્જાય તથા લોકોને કોઈ પણ પ્રકારની લારીઓ જે જાહેર રસ્તાઓ ઉપર અડચણરૂપ થાય તે રીતે મૂકવામાં આવતી હોય છે જે માટે ખાસ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે.

મનપાની ટીમ દ્વારા હાથ ધરાયેલ ચેકિંગ દરમિયાન વિધાનગરના મોટાબજાર તથા પ્રગતિ મંડળ વિસ્તારમાંથી લોકોને અડચણરૂપ થતી ૦૫ જેટલી લારી જપ્ત કરવામાં આવી છે અને આ લારી વાળાઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આ કામગીરી તહેવારોને ધ્યાનમાં રાખીને ટ્રાફિકની સમસ્યા ના સર્જાય તે માટે મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવી છે. મહાનગરપાલિકાના ટાઉન પ્લાનિંગ, એસ્ટેટ વિભાગ અને હેલ્થ વિભાગ દ્વારા જાહેર રસ્તાઓ ઉપર લોકોને અડચણરૂપ થાય સમસ્યાઓ ઊભી થાય તે રીતે લારીઓ ના મુકવા તાકીદ કરવામાં આવે છે અન્યથા જાહેર રસ્તા ઉપર મૂકવામાં આવતી લારીઓ મનપાની ટીમ દ્વારા જપ્ત કરી કાયદાની જોગવાઈને આધીન કાર્યવાહી કરવામાં આવશે તેમ વધુમાં જણાવાયું છે.

## સારોલ ગામે મંદિરમાંથી રૂા. ૫૫ હજારની મત્તાની ચોરી

### કોઇ ચોર શખ્સો મહાકાળી માતાજીના કાચવાળા ફોટો ફ્રેમની અંદર પહેરાવેલ સોનાની પેન્ડલ સાથેની ચેઈન ચોરી કરી લઈ ગયા

આણંદ, તા. ૨૫

આણંદ જિલ્લાના બોરસદ તાલુકાના સારોલ ગામે બાર વીઘા સીમમાં આવેલા મહાકાળી મંદિરમાંથી કોઈ ચોર શખ્સો માતાજીને પહેરાવેલ પેન્ડલ સાથેની સોનાની ચેઈન કિંમત રૂ ૫૫ હજારની ચોરી કરી લઈ ગયાની ફરિયાદ ભાદરણ પોલીસ મથકમાં નોંધાઈ છે.

બોરસદ તાલુકાના સારોલ ગામે બાર વીઘા સીમમાં મહાકાળી માતાનું મંદિર આવેલું છે. અને આ મંદિરમાં માતાજીના કાચવાડા ફોટા ફ્રેમની અંદર ગળામાં સોનાની ચેઈન પેન્ડલ સાથે પહેરાવેલ હતી. જેની કોઈ ચોર શખ્સો ચોરી કરી લઈ ગયા હતા. આ બનાવ અંગે સારોલ ગામા બાર વીઘા વિસ્તારમાં રહેતા જયેન્દ્રસિંહ અદેસિંહ જાદવની ફરિયાદ લઈ ભાદરણ પોલીસે ચોરીનો ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## આણંદ જિલ્લા પંચાયતના જુનિયર ક્લાર્કે હાથની નસ પર કટર મારી આત્મહત્યાનો પ્રયાસ કર્યો

આણંદ તા. ૨૫

આણંદ જિલ્લા પંચાયતમાં જુનિયર ક્લાર્ક તરીકે ફરજ બજાવતા મૂળ ભાવનગરના યુવાને આજે બપોરના સમયે કામના સ્થળે પોતાના હાથે કટર મારી નસ કાપી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો જેના કારણે ભારે હોહા મચી ગઈ છે.

મૂળ ભાવનગરના દિગ્વિજયસિંહ જાડેજા એક વર્ષ પૂર્વે આણંદ જિલ્લા પંચાયતમાં જુનિયર ક્લાર્ક તરીકે આવ્યા હતા અને હાલમાં તેઓ પંચાયત શાખામાં ફરજ બજાવી રહ્યા છે.આજે ગુરુવારે બપોરે દિગ્વિજયસિંહ ફરજ ઉપર હાજર હતા. તે વખતે કોઈ કારણોસર તેમને કટર વડે હાથની નસ કાપી નાખી હતી. આ દ્રશ્ય જોઈ તેમના સાથી કર્મચારીઓ ધ્રુજી ગયા હતા. તરત જ બધા દોડીને એકત્ર થઈ ગયા હતા અને લોહી લુહાણ હાલતમાં તેમને ત્વરિત આણંદની જનરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.જ્યાં તબીબોએ તેમની સારવાર શરૂ કરી હતી. આ ઘટનાની જાણ આણંદ પોલીસને કરવામાં આવતા પોલીસ પણ દોડી ગઈ હતી અને તેમણે આ અંગે કાર્યવાહી હાથ ધરી હતી.




## કલેકટર અમિત પ્રકાશ યાદવની અધ્યક્ષતામાં જિલ્લા સ્વાગત કાર્યક્રમ યોજાયો

(તસ્વીર - ચિરાગ પટેલ, નડિયાદ)



નડિયાદ, તા. ૨૫

કલેકટર અમિત પ્રકાશ યાદવની અધ્યક્ષતામાં નડિયાદ કલેક્ટર કચેરી ખાતે જિલ્લા સ્વાગત કાર્યક્રમ યોજાયો. જેમાં, પાણી નિકાલ, અનિયમિત વીજ પ્રવાહ, ખેતી માટે વીજ જોડાણ, સરકારી જમીનમાં દબાણ, વીજ લાઈન ખરીદવા, રોડ પર પ્લાસ્ટિક રિફ્લેકટર દૂર કરવા, ગરનાળા રીપેર કરવા અને એસ. ટી. બસ સુવિધા સહિતની કુલ ૦૮ પ્રશ્નોની રજૂઆત કરવામાં આવી હતી.

કલેકટરે અરજદારોની રજૂઆત અને સંબંધિત વિભાગ દ્વારા હાથ ધરાયેલ કામગીરીની સમીક્ષા કરી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. ખાસ કરીને સરકારી જમીનમાં ગેરકાયદેસર બાંધકામોને સત્વરે દૂર કરવા જણાવ્યું હતું. આમ, તમામ રજૂઆતોનો સકારાત્મક નિકાલ કરવામાં આવ્યો હતો.આ બેઠકમાં મનપા કમિશનર જી.એચ.સોલંકી, પોલીસ અધિક્ષક વિજય પટેલ, જિલ્લા વિકાસ અધિકારી જયંત કિશોર, નિવાસી અધિક કલેકટર જે.બી.દેસાઈ, અરજદારો અને સંબંધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## નડીઆદ મનપા સાથે જોડાયેલી ગ્રામ પંચાયતોમાં ૬.૯૭ કરોડના ખર્ચે ૧૧ જેટલાં સિટી સિવિક સેન્ટર ઊભાં કરાશે

### શહેરના મુખ્ય સ્થળોને કનેક્ટ કરતો હેરિટેજ પથ તૈયાર કરાશે



નડિયાદ, તા. ૨૫

મ્યુનિસિપલ કોર્પોરેશન કમિશનર શ્રી જી. એચ. સોલંકીની અધ્યક્ષતામાં મહાનગરપાલિકા, નડિયાદ ખાતે વિકાસ કાર્યોની ઝાંખી આપતી પ્રેસ કોન્ફરન્સ યોજાઈ. જેમાં, કમિશનરશ્રીએ મહાનગરપાલિકામાં સમાવિષ્ટ વિસ્તારોમાં હાથ ધરાયેલ વિકાસ કામો અને આગામી આયોજન બાબતે સવિસ્તૃત માહિતી આપી હતી.

કમિશનરશ્રીએ સફાઈ, પરિવહન, રસ્તાઓ, શિક્ષણ, ઢોર નિયંત્રણ, જાહેર બાંધકામ, તળાવ રીનોવેશન, ગટર સફાઈ, અર્બન ફોરેસ્ટ, ફાયર સેફ્ટી, ગાર્ડન સફાઈ, સ્પોર્ટ્સ, હેરિટેજ પાથ, વેજીટેબલ માર્કેટ જેવા અતિ મહત્વના વિષયો પર કામગીરીની માહિતી આપી હતી.

તેમણે જણાવ્યું હતું કે મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં સફાઈ બાબતે નવા કોન્ટ્રાક્ટના અમલીકરણથી ડોર ટુ ડોર કચરા કલેક્શનની કામગીરી હાથ ધરવામાં આવી છે. જેના માટે ૮૦ થી વધુ વ્હીકલ વસાવવામાં આવ્યા છે. જેમાં, નગરજનો પણ ઉત્સાહપૂર્વક સ્વચ્છતા જાળવણીના પ્રયાસોમાં ભાગીદાર બની રહ્યા છે. શહેરમાં રસ્તાઓના સુદ્રઢીકરણ માટે ચોમાસા બાદ ૨૦ કરોડથી વધુ રકમના રસ્તાઓનું ખાતમુહૂર્ત કરવામાં આવશે.

સાથે જ મ્યુનિસિપલ કોર્પોરેશન સાથે જોડાયેલી ગ્રામ પંચાયતોમાં ૬.૯૭ કરોડના ખર્ચે ૧૧ જેટલા સિટી સિવિક સેન્ટર ઊભા કરવામાં આવશે. જેનાથી

### કમળા, પીપલગ અને ડુમરાલ તળાવની સફાઈ કરાવાશે

આ ગ્રામજનોને પ્રાથમિક જન સુવિધા નજીકના સ્થળે જ ઉપલબ્ધ થશે.

જાહેર બાંધકામ મજબૂત કરવાના આશયથી ઈપ્કોવાળા ઓડિટોરિયમ સાથે તેની પાછળની જગ્યાએ એક્ઝિબિશન સેન્ટર પણ તૈયાર કરવામાં આવશે. કમળા, પીપલગ અને ડુમરાલ તળાવ સફાઈ માટે રૂ. ૧ કરોડના ખર્ચે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે. સાથે જ શહેરમાં હરિયાળીનું સ્તર ઊંચું લાવવા અર્બન ફોરેસ્ટ ડેવલપમેન્ટ માટેનું આયોજન છે.

(અનુ. પાન નં. ૭ પર)